જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । શનિવાર । તા. ૧૬-૩-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૬ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

ક્રાઇસ્ટર્ચની બે મસ્જિદમાં લોકો નમાજ પઢતા હતા ત્યારે અંધાધૂંધ ફાયરિંગ થયુ

ન્યૂઝીલેન્ડની બે મસ્જિદમાં આતંકી હુમલોઃ ગોળીબારમાં ૪૯ના મોત

હુમલાખોરે ઘટનાનું ફેસબુક પર લાઇવ પ્રસારણ કર્યું,સેમી-ઑટોમેટિક ગનમાંથી ૫૦ શોટ્સ ફાયર કર્યા,વિસ્ફોટકો ભરેલી કાર સાથે પોલીસે અત્યાર સુધી ૧ મહિલા અને ત્રણ પુરુષ સહિત ચારની ધરપકડ કરી





ક્રાઇસ્ટર્ચ

ન્યૂઝીલેન્ડના સાઉથ આઇસલેન્ડ શહેરની બે મસ્જિદોમાં ફાયરિંગ થયું છે, આ ઘટનામાં મૃત્યુઆંક હવે ૪૯એ પહોંચ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, ૨૮ વર્ષીય ઓસ્ટ્રેલિયન નાગરિકે મસ્જિદમાં બાળકોને ટાર્ગેટમાં રાખીને અંધાધૂંધ ફાયરિંગ શરૂ કરી દીધું હતું. ઘટનાના સાક્ષીઓએ જણાવ્યું કે, સાઉથ આઇલેન્ડની ક્રિસ્ટચર્ચમાં આવેલી અલ નૂર મસ્જિદમાં અચાનક જ સેમી-ઓટોમેટિક ગનમાંથી ૫૦ શોટ્સ સાંભળવા મળ્યા હતા. અત્યાર સુધી પોલીસે આ ઘટનામાં ૪ લોકોની ધરપકડ કરી છે, જેમાં ૧ મહિલા અને ૩ પુરૂષોનો સમાવેશ થાય છે. ૪માંથી એક વ્યક્તિએ સ્યૂસાઇડ વેસ્ટ (કમર સુધીનું લાંબુ વસ્ત્ર) પહેર્યું હતું. આ સિવાય તેમની પાસેથી એન્ટી ઈસ્લામિક ૮૭ પાના મળી આવ્યા હતા. પોલીસે નજીકમાં આવેલી લિનવૂડ મસ્જિદમાં ફાયરિંગ થયું હોવાનું જણાવ્યું છે. વળી, ક્રિસ્ટચર્ચ હોસ્પિટલની બહાર પણ ફાયરિંગ થયું છે. ત્રણ મસ્જિદોની નજીક કાર ઉભી રાખવામાં આવી હતી જેમાં વિસ્ફોટકો ભરેલા હતા.

વિપક્ષી નેતા બિલ શૉર્ટન એ ક્રાઇસ્ટચર્ચ મસ્જિદ પર હુમલાની નિંદા કરી અને લોકોને હુમાલખોરના વીડિયો ના તો શેર કરવા અને ના તો જોવાની અપીલ કરી. તેમણે કહ્યું કે શેર ના કરો. ફૂટેજ ના જુઓ. આ સામાન્ય જીવનનો હિસ્સો નથી. જે લોકો એ આ હુમલો કર્યો છે, તેઓ આ તરફ ધ્યાન આકર્ષિત કરવા માંગે છે.

હાજર પ્રત્યક્ષદર્શીઓનું માનીએ તો હુમલાખોરોએ કાળા કપડાં પહેર્યા છે અને માથા પર હેલમેટ પહેરેલું છે. તેમની પાસે ઓટોમેટિક હથિયાર છે, આથી તેઓ ફાયરિંગ કરી રહ્યાં હતા.

ન્યૂઝેલન્ડના પીએમ જૈસિંડા ઑર્ડર્ન એ આ દેશને સૌથી કાળો દિવસ ગણાવતા કહ્યું છે કે મસ્જિદમાં કેટલીય જગ્યાએથી ફાયરિંગ થઇ રહ્યું છે. તેમણે લોકોન સુરક્ષિત જગ્યાએ રહેવાનો આગ્રહ કરતાં કહ્યું કે હુમલાખોરો હજુ પણ સક્રિય છે અને તે લોકોને નુકસાન પહોંચાડી શકે છે. તેમણે કહ્યું કે ન્યૂઝીલેન્ડમાં હિંસાની કોઇ જગ્યા જ નથી.

બાંગ્લાદેશની ક્રિકેટ ટીમ ન્યૂઝીલેન્ડમાં શનિવારથી શરૂ થઈ રહેલી ત્રીજી ટેસ્ટ મેચ રમાવાની હતી પરંતુ સ્થિતિ જોતા હાલ મેચ રદ કરાઈ છે. મેચ હેગલી ઓવલમાં રમાવવાની હતી. શુક્રવારે જુમ્માની નમાજ માટે મસ્જિદમાં ૩૦૦ જેટલા લોકો ભેગા થયા હતાં.

બ્રેન્ટનની બંદૂકો, ખાસ કરીને જે તેણે ફાયરિંગ માટે ઉપયોગમાં લીધી છે તે સેમી-ઓટોમેટિક શોટગન ઉપર ભૂતકાળના સામૂહિક હત્યારાઓ અને શહેરોના નામ લખેલા હતા. બ્રેન્ટનનો આતંક એવા સમયે શરૂ થયો જ્યારે તેણે કારમાં મિલિટરી સ્ટાઇલ બમ્પર અને હેલમેટ પહેર્યું અને 'ચાલો હવે પાર્ટીની શરૂઆત કરીએ' (let's get this party started) બોલીને કારમાં લાઇવ સ્ટ્રીમિંગ શરૂ કર્યું.

મસૂદ અઝહર મામલે ચીનના વીટો સામે ભારતે મૌન તોડ્યું

મસૂદ વિરૂદ્ધ ૨૧ દેશ ભારતની સાથે, ૨૦૦૯માં યૂપીએના સમયે ભારત એકલું હતુંઃ સુષમા

ન્યુ દિલ્હી

૧૩ માર્ચે મસૂદ અઝહરના મુદ્દે પર ચીનની નાપાક ચાલ ફરી એક વાર ઉજાગર થઇ હતી. તકનીકી આધાર પર આપત્તિ જણાવતા ચીને વીટો લગાવ્યો અને આ રીતે મસૂદ અઝહરને વૈશ્વિક આતંકવાદી જાહેર કરવાની વાતને ઝટકો લાગ્યો છે. ચીનની આ કાર્યવાહી બાદ ભારતમાં વિરોધ પક્ષ અને ખાસ કરીને કોંગ્રેસે મોદી સરકાર પર નિશાન સાધ્યું અને કહ્યું કે એજન્ડા વગરની વાતચીત નાકામ સાબિત થઇ છે. સત્ય એ છે કે નરેન્દ્ર મોદી શી જિનપિંગથી ડરે છે.

કોંગ્રેસના આરોપોનો જવાબ આપતા વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે સિલસિલેવાર મસૂદ અઝહર વિરૂદ્ધ યુએન દ્વારા લાવવામાં આવેલા પ્રસ્તાવો જણાવ્યા છે.

સુષ્મા સ્વરાજે કહ્યું કે મસૂદ અઝહરને વૈશ્વિક આતંકવાદી જાહેર કરવાના કિસ્સામાં ચાર વખત પ્રસ્તાવ લાવવામાં આવ્યા. પ્રથમ પ્રસ્તાવ ૨૦૦૯માં લાવવામાં આવ્યો હતો જેમાં ભારત એક જ પ્રસ્તાવક હતું. પરંતુ મોદી સરકારના સત્તામાં આવ્યા પછી પરિસ્થિતિ બદલાઈ છે. ૨૦૧૬માં ભારત તરફથી પ્રસ્તાવ લાવવામાં આવ્યો જેમાં યુએસ, ફ્રાન્સ અને યુકે સહ પ્રસ્તાવક હતા. ૨૦૧૭માં મસૂદ અઝહર વિરુદ્ધ લાવવામાં આવેલા પ્રસ્તાવમાં યુએસએ, યુકે અને ફ્રાન્સ પ્રસ્તાવક હતા. ૨૦૧૯માં પુલવામાં હુમલા પછી એક વખત ફરી જૈશના નેતા વિરૂદ્ધ પ્રસ્તાવ લાવવામાં આવ્યો જે ફ્રાન્સ તરફથી રજૂ કરવામાં આવ્યો હતો અને યુકે તેમજ યુએસનું સમર્થન હતું. વધુમાં તેમણે કહ્યું કે મસૂદ વિરુદ્ધ ૨૧ દેશ ભારતની સાથે હતા તો ૨૦૦૯માં યૂપીએના સમયે ભારત એકલું હતુ.

નોંધનીય છે કે ફ્રાંસે આતંકના આકા મસૂદ અઝહર વિરૂદ્ધ કડક પગલાં લેવાની જાહેરાત કરી છે.

રેશમા પટેલનું ભાજપમાંથી રાજીનામું, અપક્ષ તરીકે ચૂંટણી લડવાના સંકેત

ગાંધીનગર

રાજ્યના તમામ નાના-મોટા પક્ષ લોકસભાની ચૂંટણીની તૈયારીઓમાં લાગી ગયા છે ત્યારે રાજ્યમાં પણ ચૂંટણીની તૈયારીઓનો ધમધમાટ શરૂ થઈ ગયો છે અને ભાજપ અને કોંગ્રેસમાં ચાલી રહેલી આયારામ-ગયારામ પરિસ્થિતિ વચ્ચે પૂર્વ પાસ કન્વીનર અને ભાજપનાં નેતા રેશમા પટેલે ભાજપમાંથી રાજીનામું આપી દેતાં ફરી એક વાર રાજકારણ ગરમાયું છે.

રેશમાએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે મેં ભાજપ પ્રદેશ પક્ષ પ્રમુખ જીતુ વાઘણીને પત્ર લખ્યો છે જેમા લખ્યું છે કે તમે માર્કેટિંગ કંપની ચલાવો છો પણ અમારી પાસે માત્ર પક્ષનું માર્કેટિંગ કરાવવામાં આવે છે. ભાજપના નેતાઓની તાનાશાહીના કારણે તેણે પક્ષ છોડ્યો હોવાની જાહેરાત કરી હતી. તેણે વધુમાં કહ્યું હતું કે મેં અત્યાર સુધી મીડિયા પેનલિસ્ટ તરીકે ભાજપમાં સક્રિય ભૂમિકા ભજવી છે.

ઈવીએમ મુદ્દે સુપ્રિમે ચૂંટણીપંચને નોટિસ ફટકારીઃ વધુ સુનાવણી ૨૫ માર્ચે

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટે ઈવીએમ મામલે ચૂંટણી પંચ અને કેન્દ્ર સરકારને નોટિસ ફટકારી છે અને ૨૫ માર્ચ સુધીમાં જવાબ માંગ્યો છે. સુપ્રીમે વિરોધ પક્ષોના નેતાઓ ચંદ્રબાબુ નાયડુ, અખિલેશ યાદવ, કે સી વેણુગોપાલ, શરદ પવાર, અરવિંદ કેજરીવાલ, સતીષચંદ્ર મિશ્રા સહિતના ૨૧ નેતાઓની અરજી પર ચૂંટણી પંચને નોટિસ આપી છે. આ અરજીમાં આવનારી ચૂંટણીમાં ઈવીએમ દ્વારા ગડબડીની આશંકા વ્યક્તક રતા ૫૦ ટકા સુધીની VVPAT કાપલીઓ ઈવીએમ સાથે મેળવવાની માગણી કરાઈ હતી. આ મામલે વધુ સુનાવણી ૨૫ માર્ચે હાથ ધરાશે. વાત જાણે એમ છે કે અગાઉ મધ્ય પ્રદેશ અને રાજસ્થાન વિધાનસભા ચૂંટણી પહેલા કોંગ્રેસને સુપ્રીમ કોર્ટથી મોટો આંચકો આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે કમલનાથ અને સચિન પાઈલટની અરજી ફગાવી હતી જેમાં બંને નેતાઓએ આગામી વિધાનસભાની ચૂંટણીને પારદર્શક બનાવા માટે અરજી દાખલ કરી હતી. અરજીમાં એવી માગણી કરાઈ હતી કે વોટર લિસ્ટની જાણકારી ચૂંટણી પંચ કોંગ્રેસને ટેક્સ્ટ મોડમાં આપે. અરજીમાં દસ ટકા મતોને વીવીપેટ સાથે મિલાવવાની માગણી કરાઈ હતી. આ ઉપરાંત મતદાતા સૂચિમાં મોટી સંખ્યામાં નકલી મતદારો હોવાની વાત કરાઈ હતી. અત્રે જણાવવાનું કે છેલ્લે થયેલી વિધાનસભા ચૂંટણીઓથી લઈને પેટાચૂંટણીઓમાં ઈવીએમમાં ગડબડીની ફરિયાદો કરાઈ હતી.

ફ્રાન્સ આતંકી મસૂદ અઝહરની તમામ સંપત્તિ જપ્ત કરશે

પેરિસ

જૈશ-એ-મોહમ્મદ પ્રમુખ અને આતંકવાદી મસૂદ અઝહરના મામલે ભારતને મોટી સફળતા મળી છે. સંયુક્ત રાષ્ટ્રમાં જૈશ-એ-મોહમ્મદના પ્રમુખ મસૂદ અઝહરને વૈશ્વિક આતંકવાદી જાહેર કરવાના પ્રસ્તાવ પર ચીન દ્વારા વીટો કરાયા બાદ ફ્રાન્સે અઝહર સામે પોતે એક્શન લેવાનો નિર્ણય કર્યો છે. ફ્રાન્સે હવે મસૂદ અઝહરની સંપત્તિને જપ્ત કરવાનો નિર્ણય કર્યો છે. જૈશની વિરુદ્ધ ફ્રાન્સની અત્યાર સુધીની આ સૌથી મોટી કાર્યવાહી માનવામાં આવી રહી છે. મસૂદના પક્ષમાં ચીનના વીટોની અમેરિકા સહિત અનેક દેશોએ ટીકા કરી હતી.

ફ્રાન્સ સરકારના ગૃહ મંત્રાલય એન વિદેશ મંત્રાલય દ્વારા શુક્રવારે જાહેરે સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ફ્રાન્સ મસૂદને યૂરોપિયન યૂનિયનની આતંકવાદી યાદીમાં સામેલ કરવાને લઈને રજૂઆત કરશે. બીજી તરફ, પાકિસ્તાન ઉપર પણ આતંકવાદી મસૂદ પર કાર્યવાહી કરવાને લઈ જોરદાર વૈશ્વિક દબાણ છે. પુલવામામાં સીઆરપીએફના કાફલા પર આતંકી હુમલાની જવાબદારી જૈશ-એ-મોહમ્મદે લીધી હતી. આ હુમલામાં ૪૦ જવાન શહીદ થયા હતા.

આ પહેલા પણ આતંકી મસૂદ અઝહરની વિરુદ્ધ ભારતને ફ્રાન્સથી મોટી મદદ મળી હતી. પુલવામા હુમલા પર ભારતને ફ્રાન્સનું મોટું સમર્થન મળ્યું હતું. ફ્રાનસ જૈશ-એ-મોહમ્મદના પ્રમુખ મસૂદ અઝહરને વૈશ્વિક આતંકવાદી જાહેર કરવા માટે સંયુક્ત રાષ્ટ્રમાં પ્રસ્તાવ લઈને આવ્યું હતું.







મોરબીમાં આડાસંબંધમાં યુવાનની નિર્મમ હત્યા : પ્રેમિકા સહિતના પાંચ ઝડપાયા



ત્રણ આરોપી મધ્યપ્રદેશ ભાગી ગયેલા

મોરબીના પીપળી ગામે યુવાનના હત્યા કેસમાં એલસીબી ટીમે મહિલા સહીત પાંચ આરોપીને ઝડપી લીધા છે અને યુવાનની હત્યા આડાસંબંધ મામલે થયાનો ચોકાવનારો ખુલાસો થવા પામ્યો છે અને આડાસંબંધમાં યુવાનને માથામાં હથોડાના ઘા ઝીકી પતાવી દેવાયો હતો

મોરબીના પીપળી ગામે ગણપતકુમાર બળવંતભાઈ ચૌહાણ નામના યુવાનના હત્યા મામલે મૃતકના ભાઈએ ફરિયાદ નોંધાવી હતી જે બનાવ મામલે પોલીસે હત્યાનો ગુન્હો નોંધી જીલ્લા એસપી ડો કરનરાજ વાઘેલાના માર્ગદર્શન હેઠળ એલસીબી પીઆઈ વી બી જાડેજાના માર્ગદર્શન હેઠળની ટીમે તપાસ ચલાવી હતી અને હત્યાના સ્થળ નજીક કડિયાકામ કરતો ગોરધન નામનો શખ્શ બનાવ સમયથી ગુમ હોય જેથી શંકાને આધારે પોલીસે તેની શોધખોળ આદરી હતી અને આરોપી પોતાના વતનમાં નાસી ગયો હોય જેથી મધ્યપ્રદેશ સુધી તપાસ લંબાવીને આરોપી ગોરધન શેનીયા ભુરીયા, દિલીપ તીતરીયા દામોઅર અને સુમીલા ગોરધન ભુરીયા એમ ત્રણ આરોપીને મધ્યપ્રદેશથી તેમજ મુકેશ તીતરીયા ડામોર અને ધુમજી ધનસિંગ વાસકલીયા રહે બંને એમપી વાળાને પડધરી તાલુકાના ખામટા ગામથી ઝડપી લઈને પાંચ આરોપીની અટકાયત કરવામાં આવી છે

હત્યા કેસમાં પ્રોબેશન ડીવાયએસપી મુકેશ ચૌધરી, એલસીબી પીઆઈ વી બી જાડેજા, પીએસઆઈ આર ટી વ્યાસ, ધર્મેન્દ્રસિંહ જાડેજા, વિક્રમસિંહ બોરાણા, હીરાભાઈ ચાવડા, ચંદુભાઈ કાણોતરા, સંજયભાઈ મૈયડ, ચંદ્રકાંતભાઈ વામજા, સંજય પટેલ, રજનીભાઈ કૈલા, નીરવભાઈ મકવાણા, આસિફ ચાણક્યા, ભગીરથસિંહ ઝાલા, રણવીરસિંહ જાડેજા, પૃથ્વીરાજસિંહ જાડેજા, યોગીરાજસિંહ જાડેજા, સહદેવસિંહ જાડેજા, રવિરાજસિંહ ઝાલા, નંદલાલભાઈ વરમોરા, અશોકસિંહ ચુડાસમા સહિતનો સ્ટાફે કામગીરી કરી છે.

મોરબી : પીપળી હત્યા કેસમાં શકમંદ એમપી ભાગી ગયો

એમપીનો શખ્શ ગુમ, પોલીસે તપાસ ચલાવી



મોરબીના પીપળી ગામ નજીકથી યુવાનનો મૃતદેહ મળવાના પ્રકરણમાં યુવાનની હત્યા કરવામાં આવી હોય જે મામલે મૃતકના ભાઈએ હત્યાની ફરિયાદ કરતા પોલીસે એક શકમંદ સામે ગુન્હો નોંધી તપાસ ચલાવી છે

પીપળી ગામે કુવામાંથી યુવાનનો મૃતદેહ મળ્યા બાદ પોલીસે મૃતદેહને ફોરેન્સિક પીએમ માટે રાજકોટ ખસેડાયો હતો અને યુવાનની હત્યા કરવામાં આવી હોય તેમજ માથું છુંદી નાખી ઓળખ ના થાય તેવા પ્રયત્ન કરવામાં આવ્યા હોય ફોરેન્સિક પીએમ માટે રાજકોટ મૃતદેહ ખસેડ્યા બાદ મૃતક યુવાન દલપતસિંહ બળવંતસિંહ રહે મહીસાગર જીલ્લાના પાંડવા ગામનો હોવાનું ખુલ્યું હતું જે મામલે મૃતકના ભાઈ વિનય બળવંત ચૌહાણે પોલીસ ફરિયાદ નોંધાવી છે જેમાં જણાવ્યું છે કે શકમંદ ગોરધન એમપીવાળાએ માથાના ભાગે બોથડ પદાર્થના ઘા ઝીકી ઈજા કરી લાશને ગોદડામાં વીટી શરીરે પથ્થર બાંધી હત્યા નીપજાવી પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ કર્યો હોય તેવી ફરિયાદ નોંધાવી છે પોલીસે હત્યાનો ગુન્હો નોંધી વધુ તપાસ પીએસઆઈ એન જે રાણા ચલાવી રહ્યા છે

શકમંદ કડીયાકામ કરતો શખ્સ ગુમ

આધારભૂત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ મૃતક જે કારખાનામાં મજુરી કરતો તેની નજીક શકમંદ ગોરધન એમપીવાળો કડિયાકામ કરતો હતો જે હાલ તેના વતન ચાલ્યો ગયો હોય જેથી તેના પર શંકાની સોય અટકી છે અને પોલીસે એ દિશામાં તપાસ ચલાવી છે.

હળવદ - ધ્રાંગધ્રા -૬૪ પેટા વિધાનસભાની ચૂંટણી મામલો



- **વિધાનસભાની ચૂંટણીના ઉમેદવારની અટકળો વચ્ચે કોંગ્રેસમાં ગીતા પટેલનુ નામઃસુત્રો**
- **પાસના કન્વીનર ગીતાબેન પટેલ પ્રબળ દાવેદાર**
- **સોસીયલ મીડિયામા પણ ગીતા પટેલ નામ ભારે જોસથી ચર્ચાઈ રહ્યુ છે.**
- **હાર્દિક પટેલા ગીતા પટેલની ટીકિટ માંગી હોય તેવી વાતો આવી સામે**
- **૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં પણ ટીકીટની માટે માગ કરી હતી**
- **હળવદ - ધ્રાંગધ્રા વિધાનસભાની પેટા ચૂંટણીમાં ગીતાબેન પટેલનું નામ મોખરે : સૂત્રો**
- **હાર્દિક પટેલ કોંગ્રેસમાં જોડાતા ગીતાબેન પટેલને વિધાનસભાની પેટા ચૂંટણીમાં ઝંપલાવે તેવી પૂરેપૂરી શકયતા : સૂત્ર**

હળવદ ધાંગધ્રા વિધાનસભા બેઠક પર હાર્દિકની દબાણની રાજનીતિઃ પાસના મહીલા આગેવાન ગીતા પટેલ માટે માગી ટીકીટ, અમદાવાદ ખાતે ૧૨મી માર્ચના રોજ રાહુલ ગાંધીએ હાર્દિક પટેલને કોંગ્રેસનો ખેસ પહેરાવ્યો હતો હળવદ ધાગ્રાધાં બેઠક પર ગત વિધાનસભાની ચૂંટણીમાં પાટીદાર ફેક્ટર એ મહત્વનું પરિબળ બન્યુ હતુ ,ત્યારે આ વખતનીહળવદ ધાગ્રાધાં વિધાનસભા બેઠક ની ટિકિટ ગીતાબેન પટેલને ટિકિટ મળે તો કોંગ્રેસ અને પાસ ના કાર્યકર્તાઓ જીત અપાવી શકે છે,ગીતાબેન પટેલ પાસ મહિલા કન્વીનર અને મહિલા આગેવાન ગીતાબેન પટેલ ને ટીકીટ માટે માંગણી કરાયા ની સૂત્રોમાંથી જાણવા મળી રહ્યું છે

મોરબીમાં ધો. ૧૨ ના મનોવિજ્ઞાનના પેપરમાં એક કોપી કેસ



મોરબીમાં આજે ધોરણ ૧૦ માં સામાન્ય વિજ્ઞાનની પરીક્ષામાં કુલ નોંધાયેલા ૧૪૩૮૨ વિદ્યાર્થીઓમાંથી ૨૩૧ ગેરહાજર રહ્યા હતા અને ૩૯ દિવ્યાંગ સહીત કુલ ૧૪૧૬૭ વિધાર્થીઓએ સામાજિક વિજ્ઞાનની પરીક્ષા આપી હતી. જયારે ધોરણ ૧૨ માં કુલ ૨૦૫૮ માંથી ૫૭ ગેરહાજર રહ્યા હતા અને ૨૦૨૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાં મોરબીમાં ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં એક કોપીકેસ નોંધાયો છે મોરબીની રાંદલ વિધાલય ખાતે ધોરણ ૧૨ ના મનોવિજ્ઞાનના પેપરમાં કોપીકેસ કરવામાં આવ્યો છે.

મોરબીના મહેન્દ્રનગર ગ્રામ પંચાયતે આચાર સંહિતાનો ભંગ કર્યો

ગ્રામ પંચાયતની બેઠક બોલાવી બજેટ મંજુર કર્યાના આક્ષેપ

મહેન્દ્રનગર ગ્રામ પંચાયતે ચુંટણી અચારસંહિતા અમલી હોવા છતાં બેઠક બોલાવીને બજેટ મંજુર કરીનીએ આચારસંહિતાનો ભંગ કર્યો હોય જેથી ૧૩ સભ્યો સામે પગલા લેવાની માંગ કરાઈ છે

મોરબીના મહેન્દ્રનગર ગામના રહેવાસીએ જિલ્લા કલેકટરને રજુઆત કરી છે કે લોકસભાની ચૂંટણીની જાહેરાત સાથે જ આચારસંહિતા લાગુ પડી છે છતાં મહેન્દ્રનગર ગ્રામ પંચાયત દ્વારા એજન્ડા સાથે બેઠક બોલાવી બજેટને બહાલી આપીને આચારસંહિતાનો ભંગ કર્યો છે. જેથી ૧૩ સભ્યો સામે પગલા લેવા માંગ કરી છે

આ મામલે ડે. કલેકટર શિવરાજસિંહ ખાચરનો સંપર્ક કરતા તેમને જણાવ્યું હતું કે બેઠક માટેનો એજન્ડા અગાઉ જ આપી દીધો હોય જેથી બેઠક મળી હતી જોકે કોઈ ઠરાવ કે કાર્યવાહી કરવામાં આવી નથી તેમજ ચુંટણી આચારસંહિતા લાગુ હોય જેથી બેઠકની કાર્યવાહી મોકૂફ રાખી હોવાનું જણાવીને સભ્યો છુટા પડ્યા હતા જેથી આચારસંહિતા ભંગનો કોઈ મામલો ના હોવાનું જણાવ્યું હતું.

બોટાદના નાગલપર ગામે ૭ જુગારીઓને રોકડા રૂા.૧૧.૨૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાડતી બોટાદ સર્વેલન્સ ટીમ



બોટાદ

બોટાદ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાની સુચના તથા વિભાગીય પોલીસ અધિકારી રાજદિપસિંહ નકુમના માર્ગદર્શન હેઠળ બોટાદ પો.સ્ટે ઈન્ચાર્જ પો.ઈન્સ એસ.વાય.ઝાલાની સુચનાથી બોટાદ પો.સ્ટે.ના સર્વેલન્સ પો.સબ ઈન્સ. ડી.વી.ડાંગર તથા અ.હેડ.કોન્સ ભગીરથસિંહ લીંબોલા,પો.કોન્સ દિગ્વીજયભાઈ પટગીર, પો.કોન્સ ભાવેશભાઈ શાહ, પો.કોન્સ કૌશીકભાઈ જાની ,પો.કોન્સ વિજયસિંહ પરમાર, પો.કોન્સ પરબતસિંહ પરમાર બોટાદ પો.સ્ટે સંયુક્ત ટીમ દ્વારા ચોક્કસ બાતમીના આધારે બોટાદના નાગલપર ગામે ચરમાળીયા દાદાની દેરી પાછળ હડદડ રોડ ઉપર જાહેરમાં ચાલતા જુગારધામ ઉપર રેઈડ કરતા ૭ જુગારીઓને ઝડપી પાડ્યા હતા જેમાં દિપકભાઈ વજુભાઈ રાઠોડ, સુરેશભાઈ કાનજીભાઈ મકવાણા, પ્રવીણભાઈ કાળુભાઈ જાદવ, સુરેશભાઈ કાળુભાઈ શેખ, હરેશભાઈ કરશભાઈ મીઠાપરા, મુકેશભાઈ ઘનશ્યામભાઈ કેહલા , ચંપકભાઈ દુલાભાઈ મકવાણા તમામ રહે નાગલપર આ સાતેય જુગારી પાસેથી રોકડા રૂા.૧૧.૨૦૦ સાથે પકડી પાડી જુગારધારા કલમ-૧૨ મુજબ ગુન્હો દાખલ કરેલ છે.

હળવદમાં સર્વરોગ અને નેત્ર ચિકિત્સા શિબિર તથા નિઃશુલ્ક દવા વિતરણ કેમ રવિવારે યોજાશે

હળવદના જીઆઈડીસી વિસ્તારમાં ભારત સરકારના નમકવિભાગ અને રોટરી ક્લબના સહયોગથી સર્વ રોગ નિદાન કેમ્પ નું ભવ્ય આયોજન

હળવદ જીઆઈડીસી વિસ્તારમાં ભારત સરકારના નમક વિભાગ અને રોટરી ક્લબ હળવદ ના સહયોગથી હળવદ વિસ્તારના નમક નિર્માતાઓ દ્વારા મીઠા ઉદ્યોગ માં કાર્યરત અગરિયાઓ તથા સંલગ્ન કામદારો તેમના પરિવારના લાભાર્થે વિનામૂલ્યે સર્વરોગ નિદાન કેમ્પ અને નેત્ર ચિકિત્સા શિબિર તથા નિશુલ્ક દવા વિતરણનો કેમ્પનો આયોજન કરવામાં આવ્યું છે આ કેમ્પ માં વધુમાં વધુ લોકો લાભ લે તે માટે લોકોને અપીલ કરવામાં આવી છે આપ કેમ્પમાં નામાંકિત નિષ્ણાંત ડોક્ટરો પોતાની અમૂલ્ય સેવા પ્રદાન કરશે અને તમામ દર્દીઓને ફ્રી ઓફ માં દવા આપવામાં આવશે જેમાં ચામડી ના રોગ ના નિષ્ણાંત હાડકા ના નિષ્ણાંત ડાયાબિટીસના નિષ્ણાંત આંખના સ્ત્રીરોગના બાળકોના વગેરે ડોક્ટરો પોતાની સેવા આપશે આ કેમ્પ પ્રાથમિક શાળા નંબર ૧૧ જીઆઈડીસી તારીખ ૧૭.૩. ૨૦૧૯ રવિવારે સવારે ૯ થી ૧ દરમિયાન યોજાશે.

સુરેન્દ્રનગર જિલ્લાની લોકસભાની ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર માટે કવાયત શરૂ



નયા ભારતના નિર્માણમાં અગત્યની ભૂમિકા સમાન આગામી લોકસભાની ચૂંટણીનું બ્યુગલ ફૂંકાઈ ગયું છે ત્યારે ભારતીય જનતા પાર્ટી દ્વારા ગુજરાતની તમામ લોકસભા સીટ પર ઉમેદવારો પસંદ કરવાની લોકશાહી પ્રક્રિયાનો આરંભ કરવામાં આવેલ છે જે અંતર્ગત સુરેન્દ્રનગર લોકસભા સીટ માટે ઉમેદવાર પસંદગી માટે પ્રદેશ ભા.જ.પા. દ્વારા નિયુક્ત ત્રણ નિરીક્ષકશ્રીઓ શ્રી સૌરભભાઈ પટેલ (મંત્રી શ્રી ગુજરાત સરકાર) શ્રી નીતિનભાઈ ભારદ્વાજ (લોકસભા સીટ ઈન્ચાર્જ સુરેન્દ્રનગર) શ્રીમતિ જસુમતિબેન કોરાટ (પૂર્વ મંત્રી, પ્રદેશ મહિલા મોરચા ના મહામંત્રી) આજરોજ તાઃ- ૧૫ મી માર્ચના રોજ સુરેન્દ્રનગર ખાતે હોટેલ પ્રેસિડેન્ટ મા વહેલી સવારથી જ આવી પહોચ્યા હતા અને સવારે ૯/૩૦ વાગ્યાથી વિધાનસભાઓ ના જિલ્લા અને શહેર ના અપેક્ષિત કાર્યકર્તાઓ ને વિધાનસભા સહ વારાફરતી સાંભળ્યા હતા.

સિરામિક યુનિટોમાં ધમધમતા કોલગેસ પ્લાન્ટ બંધ કરાયા

મોરબી

મોરબીના જુદાજુદા સિરામિક યુનિટોમાં ધમધમતા કોલગેસ પ્લાન્ટ બંધ કરી દેવાનો નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલે આદેશ કર્યો છે. હાલમાં મોરબીના તમામ સિરામિક એકમોમાં કોલગેસ પ્લાન્ટને બંધ કરી દેવામાં આવ્યા છે અને સિરામિક ટાઈલ્સનું ઉત્પાદના નેચરલ ગેસ થકી કરવામાં આવી રહ્યું છે. જેથી એક જ સપ્તાહમાં મોરબીમાં નેચરલ ગેસની માંગ મોરબીના સિરામિક ઉદ્યોગમાં બમણી થઈ ગઈ છે અને હજુ પણ તેમાં તોતિંગ વધારો થાત તેવી શક્યતા છે. જો કે, ગુજરાત ગેસ કંપની દ્વારા સિરામિક ઉદ્યોગકારોને નેચરલ ગેસની જેટલી જરૂરિયાત હશે તેટલો ગેસ પૂરો પડવાની ખાતરી દેવામાં આવી છે. જેથી મોરબીમાં સિરામિકના કારખાના બંધ નહિ કરવા પડે તે નક્કી છે. હાલમાં કોલગેસ પ્લાન્ટને બંધ કરાવવામાં આવ્યા છે. તેની સીધી અસર ટાઈલ્સની ગુણવત ઉપર પડશે અને નેચરલ ગેસના ઉપયોગથી જે ઉત્પાદન કરવામાં આવશે તે ટાઈલ્સ ઇન્ટરનેશનલ કક્ષાની ગુણવત વાળી હશે. તેથી યુએસના દેશોમાં પણ મોરબીના સિરામિક ઉદ્યોગકારોને નવું માર્કેટ મળે તેવી શક્યતા છે. સિરામિક ટાઈલ્સની પડતર કીમત નીચી લઈ આવવા માટે મોરબી આસપાસના સિરામિક યુનિટમાં કોલગેસી ફાયરનો ઉપયોગ કરવામાં આવતો હતો. જો કે, તેને બંધ કરી દેવામાં આવતા નેચરલ ગેસની ડિમાન્ડમાં હાલમાં તોતિંગ વધારો થઈ ગયો છે. આ મહિનાના અંત સુધીમાં મોરબીના નેચરલ ગેસની ડીમાન્ડ ૬૫ લાખ ક્યુબીક મીટર થાય તેવી શક્યતા છે. પ્રદુષણ મુદ્દે એનજીટીમાં કરવામાં આવેલ ફરિયાદને ધ્યાનમાં લઈને કોર્ટે દ્વારા પ્રદુષણ ફેલાવતા કોલગેસી ફાયરને સદંતર બંધ કરવા માટેનો આદેશ કરી દેવામાં આવ્યો છે.



લોકસભા ચૂંટણી માટે ભાજપના નિરિક્ષકો સમક્ષ સુરત ભાજપ કાર્યાલય ખાતે રજૂઆત સાંભળવા આવેલા નિરિક્ષકો સમક્ષ રજૂઆત કરવા ઉપસ્થિત થયેલા સાંસદ દર્શના જરદોશ સહિતના મહિલા આગેવાનો તસવીરમાં જણાય છે.

સુરત લોકસભાની બેઠક માટે ભાજપમાંથી નીતિન ભજીયાવાલા માટે સૌથી વધુ રજૂઆત

વર્તમાન સાંસદ દર્શના જરદોષ, જનક બગદાણા, રાજુ દેસાઈ, રૂપીન પચ્ચીગર, અસ્મિતા શિરોયાના નામની પણ રજૂઆત

સુરત

લોકસભા ૨૦૧૯ની ચૂંટણી માટે ભાજપા દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરી છે. આજે સુરત લોકસભા બેઠક માટે ત્રણ નિરીક્ષકોની પેનલ સમક્ષ ઉધના સ્થિત કમલમ ભાજપા કાર્યાલય ખાતે દાવેદારોને સાંભળવાની શરૂઆત થઈ છે.

આજે સવારથી ભાજપા કાર્યાલય ખાતે ત્રણ નિરીક્ષકોની પેનલમાં ભરતસિંહ પરમાર, ભરત બારોટ અને ભાવનાબેન હવે સમક્ષ દાવેદારોએ રજૂઆત કરવાની શરૂઆત કરી હતી. સવારે ૯ કલાકે ઓલપાડ વિધાનસભા, ૧૦.૩૦ કલાક સુરત-પૂર્વ, ૧૨ કલાકે સુરત-ઉત્તર ૨ કલાકે વરાછા, ૩.૩૦ કલાકે કતારગામ, ૫ કલાકે કરંજ અને ૬.૩૦ કલાકે સુરત પશ્ચિમ વિધાનસભાના દાવેદારો માટે સમય ફાળવવામાં આવ્યો હતો.

સુરત લોકસભાની સેફ સીટ માટે દાવેદારોમાં રાફડી ફાટી નીકળ્યો હતો. હાલના વર્તમાન સાંસદ દર્શના જરદોષ છેલ્લા બે ટર્મથી ચૂંટા હોવા છતાં મોટા ભાગની રજૂઆતો ઉમેદવાર બદલવા માટે કરાઈ હતી. રજૂઆત કરવા આવનારા ઘણા કાર્યકરો દ્વારા શેર ભાજપ પ્રમુખ નીતિનભાઈ ભજીયાવાળા માટે દાવેદારી કરવામાં આવી હતી. કેટલાક દાવેદારોએ પોતાના માટે નહીં, પરંતુ નીતિનભાઈ માટે પસંદગી થાય તેવી રજૂઆત પણ કરી હતી. સવારથી બપોર લંચ સમય સુધીમાં રાજુ ભાઈ દેસાઈ, રૂપીનભાઈ પચ્ચીગર, અસ્મિતાબેન શિરોયા વતી કાર્યકરોએ દર્શનાબેન જરદોષ, જનકભાઈ બગદાણાવાળા માટે કાર્યકરોએ અને નીતિનભાઈ ભજીયાવાળા માટે નિરીક્ષકો સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. બપોર સુધીમાં ૬ ઉમેદવારો માટે રજૂઆત થઈ ચૂકી છે. સાંજ સુધી અન્ય ચાર વિધાનસભા માટે વધુ રજૂઆતો થાય તેવી શક્યતા છે.

આવતીકાલે બારડોલી લોકસભા બેઠક માટે ચૂંટણી નિરીક્ષકો સમક્ષ દાવેદારી થઈ શકશે. બારડોલી ધુલીયા ચાર રસ્તા, પરિશ્રમ પાર્ક ભાજપા કાર્યાલય ખાતે મંગુભાઈ પટેલ, પૂર્ણેશભાઈ મોદી અને જયોતિબેન પંડયાની પેનલ સમક્ષ સવારથી દાવેદારી કરી શકાશે. કામરેજ વિધાનસભાના દાવેદારો બપોરે ૪ કલાક રજૂઆત કરી હતી.

ભાજપની બેવડી નીતિઃ 'ન જ્ઞાતિવાદ'નું બેનર છતાં ફોર્મમાં જાતિની માહિતી માંગી

ગાંધીનગર

લોકસભાની ચૂંટણી સમયે ભાજપ તરફથી બહાર પાડવામાં આવેલા "ભાજપ સૈનિક"ના ફોર્મ ગાંધીનગરમાં ચર્ચાનું કેન્દ્ર બન્યા છે. "ન જ્ઞાતિવાદ, ન પ્રાંતવાદ અમારો તો રાષ્ટ્રવાદ"ના બેનર હેઠળ આ ફોર્મ બહાર પાડવામાં આવ્યા છે. જોકે, આ ફોર્મને લઈને ભાજપની બેવડી નીતિ સામે આવી હોવાની ચર્ચા ચાલી રહી છે. કારણ કે ફોર્મની અંદર "ન જ્ઞાતિવાદ, ન પ્રાંતવાદ અમારો તો રાષ્ટ્રવાદ"નું સૂત્ર હોવા છતાં અંદર એસસી/એસટી/ઓબીસી/અધરની માહિતી માંગવામાં આવી છે.

ફોર્મના સૌથી ઉપરના ભાગમાં "ન જ્ઞાતિવાદ, ન પ્રાંતવાદ અમારો તો રાષ્ટ્રવાદ"નું સૂત્રો લખવામાં આવ્યું છે. ઉપરના ભાગે મધ્યમાં વંદે માતરમ્ અને ભારતીય જનતા પાર્ટી લખવામાં આવ્યું છે તેમજ બંને તરફ કમળનું ચિન્હ છે. તેની નીચે ગાંધીનગર મહાનગર અને સૌનો સાથે સૌનો વિકાસ એવું લખવામાં આવ્યું છે. તેની બિલકુલ નીચે ફોટો ચોટાડવા માટેનું બોક્સ આપવામાં આવ્યું છે. આ બોક્સમાં સૂચના લખવામાં આવી છે કે બે ફોટોગ્રાફ આપવા ફરજિયાત છે, જેમાંથી એક ફોટોગ્રાફ પર નામ અને સરનામું લખવું ફરજિયાત છે. તેની નીચે લાલ બોક્સમાં સફેદ રંગથી "ભાજપ સૈનિક" એવું લખવામાં આવ્યું છે.

ફોર્મના નીચેના ભાગમાં લખવામાં આવ્યું છે કે, ફોર્મમાં પાસપોર્ટ સાઈઝનો ફોટો લગાવવો ફરજિયાત છે. બાદમાં લખવામાં આવ્યું છે કે, "હું ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રવાદી વિચારધારાનું સમર્થન કરું છું અને ગુજરાતને મહાત્મા ગાંધી, પંડિત દિનદયાળજી અને સરદાર પટેલના ચીંધેલા પ્રગતિના પથ પર લઈ જવા માટે સંકલ્પબદ્ધ છું." ફોર્મના અંતે "ફીર એકબાર મોદી સરકાર"નું સૂત્ર લખવામાં આવ્યું છે.

રાજ્યપાલ ઓ.પી. કોહલીના હસ્તે ડાંગ દરબારનું ઉદ્‌ઘાટન થશે

આહવા

ડાંગ જિલ્લાની ભાતિગળ લોકસંસ્કૃતિને ઉજાગર કરતા ડાંગ દરબારના ભવ્ય લોકમેળાનો તા.૧૬મી માર્ચ, ૨૦૧૯નાં રોજ સવારે ૧૧ વાગ્યે, રાજ્યના રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલીના હસ્તે કરાશે. તે પૂર્વે સવારે ૯:૩૦ વાગ્યે ડાંગના રાજવીઓની ભવ્ય શોભાયાત્રા કલેક્ટર કચેરી ખાતેથી નીકળી, આહવાના મુખ્ય માર્ગો ઉપર ફરીને, રંગ ઉપવન ખાતે પધારશે. રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમોના સથવારે નિકળનારી આ શોભાયાત્રામાં શણગારેલી બગીઓમાં સવાર થઈને, ડાંગના માજી રાજવીઓ તેમના પ્રજાજનોનું અભિવાદન ઝીલશે. રંગે ઉપવન ખાતે આયોજિત ડાંગ દરબારના ઉદ્‌ઘાટન સમારોહ દરમિયાન રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલીના હસ્તે આ રાજવીઓને બા અદબ પોલિટિકલ પેન્શન એનાયત કરવા સાથે, તેમનુ પારંપરિક સ્વાગત પણ કરાશે. તા.૧૬ થી ૨૦ માર્ચ, ૨૦૧૯નાં દિવસો દરમિયાન આહવાના આંગણે યોજાઈ રહેલા આ ડાંગ દરબાર દરમિયાન દરરોજ સાંજે ૭:૩૦ વાગ્યે રંગ ઉપવન ખાતે સ્થાનિક ડાંગી નૃત્યો સહિત વેસ્ટ ઝોનના કલાકારો દ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજુ કરાશે. જેનો મેળો મ્હાલવા આવતા પ્રજાજનોને લાભ મળશે.

મૃતકોના પરિવારજનોને ૫-૫ લાખનું વળતર આપશે ફડણવીસ સરકાર

મુંબઈ ફૂટ ઓવરબ્રિજઃ મૃત્યુઆંક ૬ થયો,રેલ્વે-બીએમસી અધિકારીઓ વિરુદ્ધ ફરિયાદ

મુંબઈ

દેશની આર્થિક રાજધાની ગણાતા મુંબઈ એકવાર ફરી દૂર્ઘટનાનો શિકાર બની હતી. ગુરૂવારે સાંજે મુંબઈમાં ઝજ્જૂ રેલવે સ્ટેશન બહાર ફૂટ ઓવરબ્રિજ ધરાશાયી થયો હતો. જેમાં મૃત્યુઆંક વધીને ૬ થયો છે. જયારે ૩૪થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. મુંબઈમાં અચાનક પુલ ધરાશાયી થતા અફરા તફરી મચી ગઈ હતી.

આ ઘટના બાદ દેવેન્દ્ર ફડણવીસે ઉચ્ચ સ્તરિય તપાસના આદેશ આપ્યા છે. જયારે આ સાથે જ મૃતકોના પરિવારજનોને ૫-૫ લાખ રૂપિયાનું વળતર અને ઈજાગ્રસ્તોને ૫૦-૫૦ હજારનું વળતર ચુકવવાનું એલાન કર્યુ છે. આ દુર્ઘટના બાદ રેલવે અને BMC અધિકારી વિરૂદ્ધ કલમ ૩૦૪ છ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

જયારે બીજી તરફ બનાવની જાણ થતાં જ તાત્કાલિક NDRFની ટીમે ઘટનાસ્થળે પહોંચી બચાવની કામગીરી શરૂ કરી હતી. આ સાથે જ તમામ ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પ્રત્યક્ષદર્શીઓનું કહેવું છે કે, જ્યારે બ્રિજ ધરાશાયી થયો ત્યારે તેના પર ઘણા લોકો હાજર હતા.

આ ઉપરાંત બ્રિજ નીચે કેટલાય વાહનો પણ હતા. બ્રિજનો કાટમાળ વાહનો પર પડતાં મોટી સંખ્યામાં વાહનોને પણ નુકસાન થયું છે. આમ જે પૂલ ધરાશયી થયો હતો તેને સંપૂર્ણ રીતે નષ્ટ કરી દેવામાં આવ્યો છે અને પુલની નીચેનો રસ્તો હજી પણ બંધ રાખવામાં આવ્યો છે.

કાપોદ્રામાં છૂટાછેડા બાદ ભૂતપૂર્વ પતિ પરિણીતાનું અપહરણ કરી ગયો

પ્રેમલગ્ન બાદ પતિ-પત્ની વચ્ચે છૂટાછેડા પણ થયા હતા

સુરત

લવમેરેજ કર્યા બાદ છુટાછેડા થઈ ગયા હોવા છતાં પણ પ્રેમી પતિ પોતાના મિત્ર સાથે આવીને પૂર્વ પ્રેમિકા પત્નીને બળજબરીથી ભગાડી ગયાનો બનાવ કાપોદ્રા પોલીસ મથકે નોંધાયો હતો.

કાપોદ્રા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ સાવરકુંડલાના ગાધડકા ગામનો રહીશ અંકેશ ગોરધન ફિણવરીયા ગત તા.૧૪-૨-૨૦૧૯ના રોજ કાપોદ્રા ધર્માનંદન પાસે મિત્ર સાથે આવી ફરિયાદીની દિકરીને બળજબરીથી અપહરણ કરી લઈ ગયો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આરોપી અંકેશે અગાઉ આ યુવતી સાથે પ્રેમલગ્ન કર્યા હતા. ત્યારે બાદ બંનેના છૂટાછેડા થઈ ગયા હતા.તેમ છતાં આરોપી અંકેશ મિત્ર સાથે મળીને આ યુવતીને ભગાડી ગયો હતો. કાપોદ્રા પોલીસે ફરિયાદ નોંધી સબ ઈન્સ્પે. એ.જી. રબારીએ તપાસ હાથ ધરી છે.

મહુવા નવાપુલ પરથી પસાર થતી કારમાંથી દારૂ મળી આવ્યો

સુરત

મહુવા-નવાપુલ પરથી પસાર થઈ રહેલી એક કારને રોકી પોલીસે તેમાંથી ૩૫૪ નંગ વિદેશી દારૂનો જથ્થો જપ્ત કરી બે બુટલેગરોની ધરપકડ કરી લીધી હોવાનો બનાવ મહુવા પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, વડોદરા તરસાલી ખાતે આવેલ સ્વસ્તિક સોસાયટીમાં રહેતા મનોજ ડાહ્યાભાઈ પટેલ, મહુવા તાલુકા કાનીગામના પારસી ફળિયામાં રહેતા ઈશ્વરભાઈ પટેલ તથા મીહિત વિગેરેઓએ પોતાની મારૂતિ સફેદ કલર કાર (જીજે-૦૬-એચએસ ૬૧૩૫)માં વગર પાસ પરમીટનો ભારતીય બનાવટની વિદેશી દારૂની કુલમ ૩૫૪ નંગ બોટલો કિંમત રૂા. ૩૫,૪૦૦/- કારની કિંમત રૂા. ૩ લાખ, ૩ નંગ મોબાઈલ ફોન મળી કુલ્લે ૩.૩૮ લાખનો મુદ્દામાલ સાથે રાખીને જતા હતા ત્યારે પોલીસે તેમની કારને આંતરીને જડતી લેતા તમામ વિદેશી દારૂની બોટલો કબજે કરી કાર ચાલક મનોજ પટેલ તથા ઈશ્વર પટેલની ધરપકડ કરી હતી. જયારે મોહિત નામના બુટલેગરની પોલીસે વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો હતો. પોલીસે પ્રોહીબીશન એકટ મુજબનો ગુનો નોંધી ફરાર થઈ ગયેલા બુટલેગર મોહિતની ધરપકડ કરવાના ચક્રોગતિમાન કર્યા હતા.

વેપારી સાથે ૩૯.૮૨ લાખની છેતરપિંડી

સુરત

કલકત્તાના ચાર વેપારીઓએ સુરતના કાપડ વેપારી પાસેથી રૂા.૩૯.૮૨ લાખનો માલ ખરીદી પેમેન્ટ નહીં ચૂકવી ઠગાઈ કરી હતી.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પીપલોદ ખાતે રહેતા અને ઉધના દરવાજા વામા હાઉસમાં દુકાન ધરાવતા જનકભાઈ દિલીપભાઈ ધમણવાળાએ આરોપી મદન પુનદેવ રાઉત, અરવિંદ સાધુસરન સિંગ, કરણ આરવી શોલ, સુદર્શન શેઠી કલકત્તા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ફરિયાદી પાસેથી શરૂઆતમાં માલ મંગાવી નિયમિત પેમેન્ટ ચૂકવ્યા બાદ રૂા.૩૯,૮૨,૪૪૮નો માલ મંગાવી પેમેન્ટ નહીં ચૂકવી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. બનાવ અંગે સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

૮૭ પેજનો મેનિફેસ્ટો ટ્વીટર પર પોસ્ટ કર્યો,ગોરાઓનુ વર્ચસ્વ જોવા માંગે છે આતંકી

હુમલાખોર ઓસ્ટ્રેલિયન નાગરિક : વિદેશી ઘુસણખોરોને હાંકી કાઢવાનો મનસૂબો

કાઈસ્ટર્ચ

ન્યૂઝીલેંડના કાઈસ્ટચર્ચ શહેરમાં આજે શુક્રવારે કરવામાં આવેલા ગોળીબારમાં સર્જાયેલા સામુહિક હત્યાકાંડે દુનિયાભરમાં સનસનાટી મચાવી દીધી છે. શહેરની ૨ મસ્જીદોમાં હુમલાખોરે આડેધડ ગોળીબાર કરીને ૪૯ લોકોની હત્યા નિપજાવવામાં આવી છે. આ હુલમાખોરનું માન બ્રેંટન ટૈરેંટ છે, તેણે હુમલાનું ફેસબુક પર લઈવ સ્ટ્રિમિંગ પણ કર્યું હતું. ટેરેંટે ગઈ કાલે ગુરૂવારે રાત્રે જ ફેસબુક પોસ્ટ કરીને હુમલાની વાત કરી હતી. આ મામલે ટેરેંટ સહિત ૪ લોકોની ધરપકડ કરવામાં આવી છે, જેમાં એક મહિલા પણ શામેલ હતો.

ઓસ્ટ્રેલિયામાં જન્મ્યો છે હુમલાખોર ૨૮ વર્ષનો મુખ્ય હુમલાખોર બેંટન ટેરેંટ ઓસ્ટ્રેલિયામાં જન્મેલો છ. તેણે પોતાના ઈરાદાઓ જાહેર કરતો ૩૭ પાનાનો એક મેનિફેસ્ટો પણ લખ્યો છે, જેનું શિર્ષક છે -'ધ ગ્રેટ રિપ્લેસમેંટ' એટલે કે મહાન પરિવર્તન. તેણે આ મેસેજ એક બોર્ડ વેબસાઈટ પર પોસ્ટ પણ કર્યો હતો. માટે અત્યાર સુધીમાં બ્રેંટન ટૈરેંટને લઈને જે કોઈ પણ જાણકારી સામે આવી રહી છે તે તેની ફેસબુક પ્રોફાઈલ પર આપવામાં આવેલા પરિચય અને મેનિફેસ્ટો પર આધારીત છે.

હુમલાખોરે પોતાને ગણાવ્યો 'સાધારણ શ્વેત વ્યક્તિ' બ્રેંટન ટેરેંટે પોતાનો પરિચય '૨૮ વર્ષના એક સાધારણ શ્વેત વ્યક્તિ' તરીકે આપ્યો છે, જેનો જન્મ ઓસ્ટ્રેલિયામાં એક સામાન્ય પરિવારમાં થયો હતો. 'હુમલા કેમ કરવામાં આવ્યો' આ શીર્ષક હેઠળ તેણે લખ્યું છે કે, આ 'વિદેશી આક્રમનકારીઓ દ્વારા હજારો લોકોના મોત'નો બદલો લેવા માટે છે. હુમલા પહેલા ફેસબુક પર આપી હતીએ ધમકી ખાસ વાત એ છે કે, બ્રેંટન ટેરેંટેએ ગુરૂવારે રાત્રે જ ફેસબુક પર પોસ્ટ લખીને હુમલાની ધમકી આપી હતી. એટલું જ નહીં તેણે એ પોસ્ટમાં દાવો પણ કર્યો હતો કે હુમલાને તે ફેસબુક પોસ્ટ પર લાઈવ દેખાડશે. તેણે ફેસબુક પોસ્ટમાં લખ્યું હતું કે, હું આક્રમણકારીઓ વિરૂદ્ધ હુમલા કરીશ અને ફેસબુક દ્વારા હુમલાનું લાઈવ સ્ટ્રીમિંગ પણ કરીશ. હુમલા પહેલા પોતાની પોસ્ટમાં એમ પણ લખ્યું છે કે, જો હું હુમલામાં જીવતો ના બચુ તો તમને મારી અલવિદા'.

૨ વર્ષ પહેલા ષડયંત્ર રચવાનો દાવો ૩૭ પાનાના દસ્તાવેજમાં હુમલાખોરે દાવો કર્યો છે કે, તે છેલ્લા ૨ વર્ષોથી હુમલાને અંજામ આપવાનું ષડયંત્ર રચતો હતો. તેણે એ પણ દાવો કર્યો છે કે, ૩ મહિના પહેલા જ તેણે હુમલાના સ્થળની પસંદગી કરી લીધી હતી.

કોર્ટ રજા પર હોય જૈન મુનિ શાંતિ સાગર સામે બળાત્કાર કેસમાં ચાર્જફ્રેમ થયો નહીં

સુરત

નાનપુર ટીમલીયાવાડ ખાતે આવેલા દિગમ્બર જૈન ઉપાશ્રય ખાતે વડોદરાની એક યુવતી સાથે બળાત્કાર ગુજારવાના મામલે આરોપી શાંતિ સાગર મહારાજ સામે ચાર્જફ્રેમ આજની મુદત પર થવાનો હતો. પરંતુ કોર્ટ રજા પર હોય આજે તેમની સામે ચાર્જ ફ્રેમ (તહોમત નામું) ફટકારાઈ શકાયુ ન હતું. આગામી મુદત પર ચાર્જ ફ્રેમ થશે એવું પીડિતાના એડવોકેટ મુખત્યા શેખ તથા યાહ્યા શેખે જણાવ્યું હતું. જોકે બચાવ પક્ષના એડવોકેટ કલ્પેશ દેસાઈ તથા વિરલ ચલીયાવાળા ઉપસ્થિત રહ્યા હતા. આ કેસની વિગતોએવી છે કે, વડોદરા ખાતે રહેતી અને અમદાવાદની ફેશન ડિઝાઈનીંગ કોલેજમાં અભ્યાસ કરતી એક વિદ્યાર્થિની સાથે નાનપુરા ટીમલીયાવાડ ખાતે આવેલા દિગમ્બર જૈન ઉપાશ્રય ખાતે રહેતા જૈન મુનિ શાંતિ સાગર મહારાજ દ્વારા પૂજા-તંત્રિક વિધિ કરવાના બહાને રૂમમ) બોલાવી બળાત્કાર ગુજારવામાં આપ્યો હતો. અઠવા પોલીસ મથકમાં પીડિત યુવતિએ આરોપી શાંતિ સાગર મહારાજ સામે બળાત્કારની ફરિયાદ દાખલ કરાવ્યા બાદ પોલીસે તેનીછ ધરપકડ કરી લાજપોર જેલમાં મોકલી આપ્યો હતો. પોલીસે તેની સામે ચાર્જશીટ રજૂ કર્યાબાદ શુક્રવારના રોજ ચાર્જફ્રેમ થવાનો હતો, પરંતુ નામદાર કોર્ટ રજા પર હોય તેની સામે તહોમતનામુ ફટકારાઈ શકાયું ન હતું. જોકે, આગામી દિવસોમાં તેની સામે તહોમતનામુ ફટકારવામાં આવશે. આરોપી છેલ્લા ૧૬થી વધુ મહિનાથી લાજપોર જેલમાં હોવાનું જાણવા મળ્યું હતું.

વલસાડમાં ચારચક્રી વાહનો માટે પસંદગીના નંબરોની હરાજી કરાશે

વલસાડ

વલસાડ જિલ્લામાં મોટરિંગ પબ્લિકની સગવડતાના હેતુસર ચારચક્રી મોટર કારની GJ-15- CJ સીરીઝમાં બાકી રહી ગયેલા ગોલ્ડન-સીલ્વર નંબર માટે ઓનલાઈન હરાજી કરાશે.

ઉક્ત હરાજીમાં ભાગ લેવા માટેની ઈચ્છા ધરાવનાર અરજદારે તેમના વાહનોનું રજિસ્ટ્રેશન કરાવી http://parivahan.gov.in/fancy વેબસાઈટ ઉપર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરી હરાજીમાં ભાગ લઈ શકશે. અરજદારે વાહન ખરીદ કર્યાની તારીખથી ૭ દિવસની અંદર સી.એન.એ. ફોર્મ ભરેલું હોવું જરૂરી છે, જે રજૂ નહીં કરનાર હરાજીમાં નિષ્ફળ જાહેર કરાશે. ઉક્ત બન્ને હરાજી માટેનું ફોર્મ તા.૧૫ થી ૧૮ માર્ચ-૧૯ દરમિયાન રજિસ્ટ્રેશન તેમજ અરજી કરવાની રહેશે. તા.૧૯/૦૩/૧૯થી તા.૨૦/૦૩/૧૯ના રોજ હરાજી માટેનું બીડિંગ ઓપન થશે. તા.૨૨/૦૩/૧૯ના રોજ કચેરી સમય દરમિયાન રીઝલ્ટ જાહેર કરી તથા ત્યારબાદ નિયમ મુજબના દિવસો બાદ અરજદારે તેમના ફોર્મ જમા કરાવવાના રહેશે.

હરાજીની પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણાં જમા નહીં કરાવનાર અરજદારની મૂળ રકમ જપ્ત થશે અને તે નંબરની હરાજી ફરીથી કરાશે. ઓનલાઈન હરાજી દરમિયાન આર.બી.આઈ. દ્વારા નક્કી કરેલા દરે ચાર્જ ચૂકવવાનો રહેશે. વાહન સેલ લેટરમાં સેલ તારીખથી ૬૦ દિવસના અંદરના જ અરજદારો હરાજીમાં ભાગ લેવા અરજી કરી શકશે, સમયમર્યાદા બહારની અરજીઓ રદ કરવામાં આવશે, એમ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી દ્વારા જણાવાયું છે.

નવસારી રાયચંદ રોડ પર આંકડાના જુગારનું વલણ લેનાર એક ઝબે

નવસારી

નવસારીમાં રાયચંદ રોડ ખાતેથી સુરત આરઆર સેલ પોલીસે રેડ કરી આંકડા જુગાર રમાડતાં એકને ઝડપી પાડી એક વિજલપોરના જુગારીને વોન્ટેડ જાહેર કર્યો હતો અનેરોકડ ૧૧૭૭૦ તથા એક મોબાઈલ ૧૦ હજાર તથા જુગારના સાધનો મળી કુલ ૨૧,૭૭૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ સુરત આરઆર સેલ પોલીસે બાતમીના આધારે નવસારીમાં રાયચંદરોડ ખાતે ખુલ્લી જગ્યામાં રેઈડ કરી હતી અને આંકડો ફરકનો મિલન બજારના આંકડાઓ લખી લોકો પાસેથી પૈસા લઈ લગાઈ લગાડી હારજીતનો જુગાર રમાડતાં ધર્મેશ નિરંજનભાઈ ઠક્કર ઉ.વ.૪૨, રહે. રાયચંદ રોડ, નવસારી, શાળા નં.૨ની પાછળની ધરપકડ કરી હતી. જ્યારે રાજેશ રહે. વિજલપોર, તા.જલાલપોર ફરાર થઈ જતાં પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો હતો. પોલીસે જુગારના દાવના રોકડા ૧૧૭૭૦ તથા એક મોબાઈલ ફોન કિંમત ૧૦,૦૦૦ અને જુગારના સાધનો વગેરે મળી કુલ ૨૧,૭૭૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

તંત્રી સ્થાનેથી...

કલંકિત લીડરોનુ પ્રભુત્વ

દેશભરમાં હાલમાં વોટબેંકની રાજનીતિ સતત ચાલી રહી છે. આ રાજનીતિના કારણે જ જુદા જુદા રાજ્યોમાં સક્રિય રહેલા જુદી જુદી રાજકીય પાર્ટીના નેતા અપરાધિકરણની દિશામાં હાલ આગળ વધી રહ્યા છે. દેશમાં અપરાધી રાજનેતાઓના કારણે ભારતીય રાજનીતિની છાપ સૌથી ખરાબ થઈ છે. અપરાધી નેતાઓ પર અંકુશ કઈ રીતે મુકવામાં આવે તેને લઈને કેટલાક નિષ્ણાંતો વારંવાર પોત પોતાના અભિપ્રાય રજૂ કરતા રહ્યા છે. જાણકાર લોકો માને છે કે ભારતીય રાજનીતિની સૌથી ખરાબ છાપ અપરાધીકરણના કારણે રહી છે. કોઈ સમય શિસ્ત અને નૈતિકતા માટે જાણીતી રહેલી રાજનીતિ આજે વોટબેંકની દિશામાં આગળ વધી છે. હવે વોટબેંકને મજબુત કરવાની નીતી અપનાવવામા આવી રહી છે. આ જ રમતના કારણે નૈતિકતાના તમામ સિદ્ધાતો આજે હવા થઈ ગયા છે. અપરાધીકરણની સ્થિતી મજબુત બની ગઈ છે. શહાબુદ્દીન જેવા લીડરો હિરો બની ગયા છે. જે લોકશાહી માટે કંલગ સન્માન છે. આ કંલકને સાફ કરવા માટે કોર્ટ દ્વારા કાયદામાં સુધારા તો કરવામાં આવ્યા છે પરંતુ કોર્ટના પગલા પુરતા નથી. ભારતીય રાજનીતિમાં રાજકીય બિરાદરી અપરાધીકરણને સુરક્ષિત રાખવા માટે કામ કરે છે. તેમની હિમ્મત એટલી હદ સુધી વધી ગઈ છે કે તે જનતાની અવગણા કરીને અપરાધીઓને પાર્ટીમાં રાખવા માટે તમામ પ્રયોગ પણ કરે છે. રાજનેતા માનવા લાગ્યા છે કે અપરાધીઓને લાવીશુ તો પણ લોકો કઈંક કરી શકશે નહી. કારણ કે સામાન્ય લોકોને આ જ લોકો પૈકી એક વ્યક્તિને પંસદ કરવાની જરૂર પડનાર છે. રાજકીય પક્ષો દ્વારા પ્રજાની નબળાઈનો લાભ લેવામાં આવી રહ્યો છે. જનતાના વિચાર, પસંદ રજૂ કરવાના અધિકાર ઓછા કરવામાં આવે તેવી માનસિકતા સાથે રાજકીય પક્ષો કામ કરે છે. ચૂટણી પાંચ વર્ષમાં એક વખત થાય છે અને પ્રજા પાંચ વર્ષમાં માત્ર એક વખત તેમના અભિપ્રાય વ્યક્ત કરે છે.ભારતમાં વ્યવસ્થા હાલમાં એક વખતે જો કોઇ નેતા જીતી ગયા તો આગામી ચૂટણી સુધી તે પ્રજાની વચ્ચે જતા નથી. પ્રજા સાથે તેના કોઇ લેવાદેવા રહેતા નથી. તેમના પ્રયાસ એ છે કે તેમની પસંદગીને મર્યાદિત કરી દેવામાં આવે. કોઇ રાજકીય પક્ષ એક વખત જો કોઇ અપરાધીને તક આપે છે અને તે જો જોડતોડ મારફતે ચૂટણી જીતી જાય છે તો ત્યારબાદ પ્રજા કઇ પણ કરી શકે નહી. રાજકીય દળો તેને સ્થાપિત કરવામાં લાગી જાય છે. દરેક રાજકીય પક્ષ ચોક્કસ પાર્ટીના લોકોના હાથમાં હોય છે. લાલુ યાદવ, શાહબુદ્ધીન અને અન્ય ટોપના નેતા કેટલાક કેસોમાં ફસાયા હોવા છતાં મોટા કદના નેતા તરીકે રહ્યા છે. લાલુ હજુ આરજેડીના સૌથી મોટા નેતા તરીકે છે. રાજનીતિમાં અપરાધિકરણને રોકવા માટે તરત નક્કર પગલા લેવામાં આવે તે જરૂરી છે. સરકાર અને રાજકીય પક્ષોની ઇચ્છા વગર આ કામ શક્ય નથી. કારણ કે જો રાજકીય પક્ષો સ્વચ્છ અને ઇમાનદાર લોકોને જ મેદાનમાં ઉતારશે તો તમામ રાજકીય પક્ષોમાંથી આ દુષણ પોતાની રીતે જ દુર થઇ જશે. સૌથી મોટી બાબત રાજકીય ઇચ્છાશક્તિની રહેલી છે. વોટબેંકની રાજનીતિથી ઉપર ઉઠીને કામ કરવુ પડશે.

દેશમાં હાલ વોટબેંકની રાજનીતિના કારણે અપરાધી નેતાઓની સંખ્યા સતત વધી છે

ફાસ્ટ ફુડથી બ્લડપ્રેશર વધે છે

આધુનિક સમયમાં ફાસ્ટ ફુડની બોલબાલા સૌથી વધારે જોવા મળે છે. તમામ લોકો અને ખાસ કરીને યુવા પેઢી તો ફાસ્ટ ફુડને લઇને ખુબ કેઝી રહે છે. હવે આને લઇને એક ચોંકાવનારી વિગત સપાટી પર આવી ગઇ છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ફાસ્ટ ફુડ ડાયાબિટીસ અને હાઇ બ્લડપ્રેશરની બાબતને ઝડપથી વધારે છે. કિડની ખરાબ થવા માટેના મુખ્ય કારણ ડાયાબિટીસ અને બ્લડ પ્રેશર જ છે. ફાસ્ટ ફુડના કારણે તેમાં ઝડપથી વધારો થાય છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે અમારા જેનેટિક કોડ બીજા દેશોની તુલનામાં વધારે ખતરનાક છે. જ્યારે જેનેટિક કોડ અને ફાસ્ટ ફુડ વચ્ચે તાલમેળ થાય છે ત્યારે ડાયાબિટીસ અને બ્લડપ્રેશરનો ખતરો વધી જાય છે. દિલ્હીની રાજીવ ગાંધી કેન્સર હોસ્પિટલના યુરો-ઓન્કોલોજિસ્ટ સુધરી રાવલ દ્વારા લખનૌમાં કેજીએમયુના કલામ સેન્ટરમાં યુરોલોજી દ્વારા આયોજિત બેઠકમાં આ મુજબની ઉપયોગી વાત કરવામાં આવી હતી. નિષ્ણાંત તબીબોનુ કહેવુછે કે કિડનીના કેન્સર માટે કારણ સ્પષ્ટ નથી. જેનુ કારણ જેનેટિક ફેરફારો, ખાવા પીવાની ટેવ અને શરીરમાં કોઇ પણ પ્રકારના મ્યુટેશન હોઇ શકે છે. શરૂઆતમાં આની જાણકારી મળતી નથી. કેન્સર જ્યારે હાડકામાં પહોંચી જાય છે ત્યારે ભીષણ દુખાવો થવાની સ્થિતીમાં આની માહિતી મળે છે. નિષ્ણાંત તબીબોનુ કહેવુ છે કે પુરૂષોમાં કિડનીના કેન્સર માટે મુખ્ય કારણ સ્મોકિંગ છે. તબીબોનુ કહેવુ છે કે અમારા ભોજનમાં એટળી હદ સુધી ભેળસેળ છે કે આના કારણે અમારી રોગપ્રતિકારક ક્ષમતા હવે ઘટી રહી છે. આના કારણે કેન્સરના સેલ ઝડપથી વધી જાય છે. પ્રોસેસ્ડ ફુડ શક્ય તેટલા પ્રમાણમાં ઓછા લેવાની સલાહ પણ તબીબો આપે છે.

લોકસભા ચૂંટણી : ભાજપ-કોંગ્રેસ દ્વારા જોરદાર-આક્રમક તૈયારી...

ઓરિસ્સા : બીજેડી ગઢ તોડવા તૈયારી

લોકસભા ચૂંટણીને લઈને જે રાજ્યોમાં તમામ લોકોની નજર કેન્દ્રિત થઈ ગઈ છે તેવા એક રાજ્યમાં ઓરિસ્સા પણ છે. ઓરિસ્સાને હમેંશા બીજેડીના મજબુત ગઢ તરીકે ગણવામાં આવે છે. બીજેડીને અહીં હજુ સુધી કોંગ્રેસ અને ભાજપ બંનેમાંથી કોઈ પડકાર ફેંકી શક્યા નથી. જેથી અહીંના મુખ્યપ્રધાન નવીન પટનાયક નિશ્ચિત થયેલા છે. જો કે આ વખતે ભાજપ અને કોંગ્રેસ બંને પાર્ટીના લોકો બીજેડીના ગઢમાં ગાબડા પાડવા માટે કમર કસી ચુક્યા છે. કેટલાક હદ સુધી તેમને ફાયદો પણ મળી શકે છે. જો કે બીજેડી હજુ પણ ખુબ મજબુત સ્થિતીમાં છે. હકીકતમાં આ વખતે ઓરિસ્સામાં ભાજપને ખુબ આશા દેખાઈ રહી છે. તે અન્ય રાજ્યોમાં થનાર લોકસભા સીટોના નુકસાનની ભરપાઇ અહીંથી કરવાની ઇચ્છા ધરાવે છે. ચર્ચા તો એ છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પુરી લોકસભા ચૂંટણી મેદાનમાંથી ઉતરી શકે છે. ભાજપ સરકારના ચાર વર્ષ પૂર્ણ થયા ત્યારે મે ૨૦૧૮માં પુરીમાં સૌથી મોટુ આયોજન કરવામાં આવ્યુ હતુ. ઓરિસ્સામાં લોકસભાની ૨૧ સીટો રહેલી છે. આ તમામ સીટો પૈકી હાલમાં ૨૦ સટો બીજુ જનતા દળની પાસે છે. માત્ર એક સીટ સુન્દરગઢ ભાજપની પાસે છે. કોંગ્રેસ પાસે તો ઓરિસ્સમાં કોઈ પણ સીટ નથી. અલબત્ત કોંગ્રેસની ૨૬ ટકા મત હિસ્સેદારી રહેલી છે. સંતોષજનક બાબત એ છે કે ૧૧ સીટો પર કોંગ્રેસના ઉમેદવાર છેલ્લી વખતે બીજા સ્થાને રહ્યા હતા. જેથી ભાજપને તો હજુ ખુબ મહેનત કરવાની જરૂર દેખાઈ રહી છે. મોદી લહેર વર્ષ ૨૦૧૪માં હતી ત્યારે પણ ઓરિસ્સ્માં તેની અસર દેખાઈ ન હતી. ઓરિસ્સા કેટલાક એવા રાજ્યોમાં સામેલ છે જેમાં વર્ષ ૨૦૧૪માં જોરદાર મોદી લહેર હોવા છતાં તેની અસર દેખાઈ ન હતી. મોદી ફેક્ટરની અહીં બિલકુલ અસર થઈ ન હતી. મોદી આ વખતે પુરીમાંથી ચૂંટણી લડવાની અટકળો વચ્ચે મોદી ફેક્ટરની મુખ્ય અસરની નજર રહેશે. અલબત્ત અહીં વન ભૂમિ પટ્ટાને રદ કરવાનો મામલો છવાયેલો છે. બીજેડી આના માટે કેન્દ્ર સરકારને જવાબદાર ઠેરવે છે. ઓરિસ્સામાં બીજેડી છેલ્લા ૧૮ વર્ષથી સત્તામાં છે. ભાજપ અને કોંગ્રેસ હજુ સત્તાવિરોધી લહેરનો લાભ લઈ શક્યા નથી. જો કે આ વખતે તેનો લાભ ઉઠાવવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. લોકસભા ચૂંટણીની સાથે આ વખતે પણ અહીં વિધાનસભા ચૂંટણી યોજાનાર છે. વિધાનસભાની સાથે અહીં લોકસભા ચૂંટણી જીતીને સરકાર બનાવવા માટે ભાજપ અને કોંગ્રેસના પ્રયાસો છે. પંચાયત ચૂંટણીમાં ભાજપ બીજા સ્થાને રહ્યા બાદ તેની આશા દેખાઈ રહી છથે. કોંગ્રેસ પાર્ટી પણ સત્તામાં વાપસીના પ્રયાસ કરી રહી છે. વર્ષ ૨૦૦૯માં જ્યારે લોકસભા ચૂંટણી યોજાઈ હતી ત્યારે કોંગ્રેસ પાર્ટીએ છ સીટો જીતવામાં સફળતા મેળવી હતી. બીજેડીને ૧૪ સીટો મળી હતી. સીપીઆઈને એક સીટ મળી હતી. આનાથી પહેલા જવામાં આવે તો ૨૦૦૪ની લોકસભા ચૂંટણીમાં બીજુ જનતા દળને ૧૧ અને ભાજપને સાત સીટો મળી હતી. કોંગ્રેસને બે સીટો મળી હતી. ઝારખંડ મુક્તિ મોરચાને એક સીટ મળી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પુરીમાંત મેદાનમાં ઉતરીને લાભ લેવા માટે તૈયાર છે. મોદી વર્ષ ૨૦૧૪માં વારાણસીમાંથી મેદાનમાં ઉતર્યા હતા. ધાર્મિક મહત્વના શહેરમાંથી ચૂંટણી લડવાનો લાભ પણ તેમને મળ્યો હતો. આ વખતે પુરીમાંથી તેમની ચૂંટણી લડવાની શક્યતા દેખાઈ રહી છે.



કેદારનાથ ધામ મંદાકિની નદીના કિનારે સ્થિત છે : મોટા ભાગના સમય બરફથી સફેદ ચાદરથી ઢંકાયેલા રહેતા સ્થળની ખાસ વિશેષતા છે

ઓરિસ્સામાં પણ જોરદાર ટક્કર ભાજપ, કોંગ્રેસ અને બીજુ જનતા દળ વચ્ચે દેખાઇ રહી છે. નોધનીય છે કે જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે લોકસભા ચૂંટણી માટેના કાર્યક્રમની ચૂંટણી પંચે ગયા રવિવારે જાહેરાત કરી દીધી હતી. આની સાથે લોકસભા ચૂંટણી માટેનું રણશિંગુ ફુંકાઈ ગયું છે. ચૂંટણી પંચે લોકસભાની કુલ ૫૪૩ સીટો ઉપર સાત તબક્કામાં ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી હતી જે સાત તબક્કામાં મતદાન યોજાનાર છે તે પૈકી પ્રથમ તબક્કામાં ૧૧મી, બીજા તબક્કામાં ૧૮મી, ત્રીજા તબક્કામાં ૨૩મી, ચોથા તબક્કામાં ૨૯મી એપ્રિલના દિવસે મતદાન યોજાશે જ્યારે પાંચમાં તબક્કામાં છઠ્ઠી મે, છઠ્ઠા તબક્કામાં ૧૨મી મે અને ૧૯મી મેના દિવસે સાતમાં તબક્કામાં મતદાન થશે. તમામ તબક્કાની મતગણતરી એક સાથે ૨૩મી મેના દિવસે યોજાશે. આનો મતલબ એ થયો કે, ૧૭મી લોકસભામાં સત્તાની ચાવી કોની પાસે આવશે તે અંગેનો ફેંસલો ૨૩મી મેના દિવસે થશે. પ્રથમ તબક્કામાં ૨૦ રાજ્યોમાં ૯૧ સીટો ઉપર મતદાન થશે. બીજા તબક્કામાં ૧૩ રાજ્યોની ૯૭ સીટ ઉપર મતદાન થશે. ચોથા તબક્કામાં નવ રાજ્યોમાં સાત સીટો ઉપર મતદાન થશે. પાંચમાં તબક્કામાં સાત રાજ્યોની ૫૧ સીટો ઉપર મતદાન થશે. છઠ્ઠા તબક્કામાં સાત રાજ્યોની ૫૯ સીટો ઉપર મતદાન થશે જ્યારે સાતમા અને અંતિમ તબક્કા માટે આઠ રાજ્યોની ૫૯ સીટ ઉપર મતદાન થશે. દિલ્હીમાં છઠ્ઠા તબક્કામાં ૧૨મી મેના દિવસે મતદાન થશે. સૌથી વધારે ઉત્તરપ્રદેશ, બિહાર અને બંગાળમાં સાતમાં રાઉન્ડમાં મતદાન થશે અને તમામ તબક્કામાં અહીં મતદાન થનાર છે. ૨૨ રાજ્યોમાં એક તબક્કામાં મતદાન થશે. ઓરિસ્સાની રાજનીતિ કેટલાક પાસાથી અલગ છે. આ વખતે ભાજપ અને કોંગ્રેસ કેટલાક ગાબડા પાડે છે તે બાબત ઉપયોગી રહેશે.

મોદી ફેક્ટરની અસર અહીં રહી નથી

ઓરિસ્સામાં કુલ ૨૧ બેઠકો

ઓરિસ્સામાં લોકસભાની કુલ૨૧ સીટ રહેલી છે. ઓરિસ્સા દેશના કેટલાક એવા રાજ્યોમાં છે જ્યાં રાષ્ટ્રીય પક્ષોની સ્થિતી નહીંવત સમાન છે. દશકોથી બીજુ જનતા દળનુ અહીં પ્રભુત્વ રહેલુ છે. આ વખતે પણ આ પાર્ટીની સ્થિતી સૌથી મજબુત દેખાઈ રહી છે. ઓરિસ્સ્માં લોકસભાની જે સીટો છે તે પૈકી મોટા ભાગની સીટો જીતવા માટે ભાજપે રણનિતી તૈયાર કરવામાં આવી છે પરંતુ તેને કેટલો ફાયદો થશે તે બાબત તો ચૂંટણી પરિણામ બાદ જ જાણી શકાશે અહીં આ વખતે ભાજપ પ્રમુખ અમિત શાહ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વધાર તાકાત લગાવી ચુક્યા છે. આવી સ્થિતીમાં પાર્ટીના દેખાવ પર તમામની નજર રહશે. બીજી બાજુ મુખ્યપ્રધાન નવીન પટનાયકની છાપ લોકોની અંદર હમેંશા સારી રહી છ. નવીન એક લોકપ્રિય નેતા તરીકે છે. કોઇ રાષ્ટ્રીય સ્તરની મહત્વકાંક્ષા ન હોવાના કારણે કોઇ પાર્ટી સાથે જોડાણ કરવાને લઇને તેઓ હાય હાય કરી રહ્યા નથી. તેમની પાર્ટીની સ્થિતી મજબુત દેખાઈ રહી છે. નવીન રાજ્યમાં જ રહીને પાર્ટીની સ્થિતીને મજબુત જાળવી રાખવા માટે ઇચ્છુક છે. આ જ કારણસર તેઓ કોંગ્રેસ અને ભાજપ સાથે જોડાણ કરવા માટે આગળ આવી રહ્યા નથી. વિતેલા વર્ષોમાં બીજુ જનતા દળ પણ ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વમાં એનડીએ સરકાર હતી ત્યારે આ પાર્ટીમાં સામેલ રહ્યા હતા. વાજપેયી જ્યારે દેશના વડાપ્રધાન હતા ત્યારે તેમની પાર્ટી એનડીએના એક હિસ્સા તરીકે રહી હતી. જો કે ત્યારબાદ કેટલાક કારણસર નિકળી ગઈ હતી. આ વખતે જોડાણને લઈને હજુ સુધી કોઇ વાત કરવામાં આવી નથી. ભાજપ અને કોંગ્રેસના નેતાઓ હાલમાં તો ચૂંટણીને લઈને એકબીજા પર આરોપોની સાથે સાથે બીજેડી પર પણ પ્રહારો કરી રહ્યા છે. જો કે ચૂંટણી બાદ સ્થિતી શુ રહેશે તે અંગે વાત કરવા રાજકીય પંડિતો પણ તૈયાર નથી. નવીન પટનાયક રાજ્ય વિધાનસભાની ચૂંટણી અને લોકસભાની ચૂંટણીમાં પૂર્ણ તાકાત સાથે મેદાનમાં ઉતરી રહ્યા છે. પોતાના કાર્યકરોની સાથે સતત સંપર્ક પણ કરી રહ્યા છે. ઓરિસ્સા રાજકીય રીતે ખુબ ઉપયોગી રાજ્ય છે જેથી તમામની નજર તેના પર કેન્દ્રિત છે.

હોટ સીટ અમેઠી પર રાહુલ ગાંધી સામે પડકારો પણ ઓછા નથી...

રાહુલની ટક્કર વધુ રોમાંચક રહેશે

રાહુલ ગાંધી ૨૦૦૪થી અમેઠીમાંથી હાર્યા નથી પરંતુ સ્મૃતિ ઈરાની સતત આક્રમક કાર્યક્રમો કરી રહી રહ્યા છે : ટક્કર નજીકની રહી શકે

અમેઠી નહેરુ-ગાંધી પરિવારના એક મજબુત ગઢ તરીકે છે. વર્ષ ૨૦૧૪માં લોકસભાની ચૂંટણીમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપે જોરદાર સપાટો મોદી લહેર વચ્ચે બોલાવ્યો ત્યારે પણ અમેઠીની બેઠક તો રાહુલ ગાંધી બચાવી લેવામાં સફળ રહ્યા હતા. આ સીટ પણ રાહુલ ગાંધી ક્યારેય હાર્યા નથી. તેમની સામે અનેક પ્રકારના પડકારો હજુ પણ રહેલા છે. વિકાસના કામોને લઈને પ્રશ્નો થતા રહ્યા છે. આ વખત રાહુલની સામ ટક્કર વધુ મુશ્કે છે. કોંગ્રેસના ગઢની સાબિતી આ બાબતથી જ મળી જાય છે કે ૧૯૬૭ બાદથી માત્ર બે વખત ભારતીય જનતા પાર્ટીને અહીંથી જીત મેળવી લેવામાં સફળતા હાથ લાગી છે. એક વખતે જનતા પાર્ટી અને બીજી વખત ભાજપે અહીં સીટ જીતી હતી. સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજવાદી પાર્ટી દ્વારા આ વખત પણ અમેઠી અન રાયબરેલી સીટ કોંગ્રેસ માટે છોડી દીધી છે. વર્ષ ૨૦૧૪માં કેન્દ્રિય પ્રધાન આક્રમક સ્મૃતિ ઈરાની અહીંથી ભલે હારી ગયા હતા પરંતુ સ્મૃતિ અહીં જોરદાર રીતે સક્રિય રહ્યા છે. આ સીટ પર વર્તમાન સાંસદ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી અને સ્મૃતિ વચ્ચ આ વખતે પણ સીધી ટક્કર થનાર છે. અહીં અનેક મોટા નામ રહી ચુક્યા છે. આ બેઠક પરથી અનેક દિગ્ગજો જીતતા રહ્યા છે. જેમાં રાજીવ ગાંધી ૧૯૮૧થી લઈને ૧૯૯૧ સુધી આ બેઠક પરથી જીતી ગયા હતા. ચાર વખત રાજીવ ગાંધી જીત્યા હતા. ત્રણ વખત હવે રાહુલ ગાંધી જીતી ચુક્યા છે. મુખ્ય મુદ્દાની વાત કરવામાં આવે તો આ સીટ પર બાઈપાસ નિર્માણ, આવારા પશુની સમસ્યા, બેરોજગારી,



TF - 34 SHREE RANG PALACE, OPP KUNJ RESI PLAZA, INOX MULTIPLEX, ZADESHWAR ROAD, BHARUCH

Sonika Choksi : 98795 24516
Khushbu Jain : 99794 78831
Bhavna Pandya : 94271 31268
ACHIVIA Academy
We Ensure Achievement
BOARD★CBSE★GSEB★ICSE
CLASSES FOR 1st TO 10th
CLASSES FOR 11th AND 12th COM.
GAURANTEED RESULTS
R K Avenue, Near Jay Julelal Hospital, Above Bank Of Baroda
Zadeshwar Chodki, Bharuch 392012
AFFILIATED BY JYOTI CLASSES

TOP PERFORMER IN BHARUCH DISTRICT EVERY YEAR
SHASHIN DAVE
M.Com. CMA (int)
SINCE 2000
Mob. 9825475507
Ph. 249244
DAVE COMMERCE CLASSES
Std. : 11th & 12th Comm.
English & Gujarati Medium
Sub : Accounts, State., Eco, B.A., English
ADMISSION OPEN FOR 11TH & 12TH COM. ENG. & GUJ. MEDIUM



As desired by Students and Parents Dave Commerce Classes is Starting a new Branch, (From April-2019) at
ORION ARCADE, NR. INOX MULTIPLEX, ZADESHWAR RD. BHARUCH

સીઝન માં ભરવાલાયક મરચું, હળદર, ધાણાજીરૂ, ગરમ મસાલો....વગેરે
જીરૂ,રાઈ, મેથી...વગેરે
વિષ્ણુભાઈ Mo. 99798 67592
શુભમભાઈ Mo. 98245 24168
જયશ્રી રામ મસાલા ભંડાર
બધા મસાલા હોલસેલ ભાવે મળશે.
રામવાટીકા ચોકડી, પુસ્તક ઘરની સામે, ખેતલા આપાની બાજુમાં, ઝાડેશ્વર રોડ, ભરૂચ.

શેલ ઈડલી Parcel Point C.R. Chambers, Shital Circle, Bharuch.
Time :Mon to Sat 8am to 2pm & 7pm to 9pm (Sunday 8am to 11am & 6pm to 9pm) Mo. 7977274892
Fruit Flavored Series @ Rs. 15/- Each
MANGO RASPBERRY PINEAPPLE LYCHEE BLACKCURRANT
Fun Series @ Rs. 15/- Each
TUTIFUTI CHOCOCHOPS ORANGE CHOCOCHOPS STRAWBERRY CHOCOCHOPS MIX FRUIT JAM
Healthy Series @ Rs. 15/- Each
PALAK CARROT TOMATO CUCUMBER BEETROOT

ભરૂચ જિલ્લાનો ગણિત વિષયમાં શ્રેષ્ઠ શિક્ષણ આપતો એક માત્ર કલાસ
પટેલ મોર્ડન કલાસીસ
BHAVESH SIR - MO. 98987 03165
ENGLISH & GUJARATI MEDIUM
A REPUTED CLASSES FOR STD. 10TH, 11TH & 12TH (SCI.) MATHS
GUJCET & JEE MATHS CLASSES
Er. BHAVESH R. PATEL B.E. Mech. (1st Class)
વિદ્યાર્થી તથા વાલીઓના આગ્રહને ધ્યાનમાં લઈ "પટેલ મોર્ડન કલાસીસ" ની શાખા ફેબ્રુઆરી-૨૦૧૯ થી ૩૪, શ્રી રંગ પેલેસ બીજો માળ, આઈનોક્ષ મલ્ટીપ્લેક્ષની બાજુમાં, ઝાડેશ્વર રોડ, ભરૂચ પર શરૂ કરવામાં આવશે.
Shining Stars of Classes
MATHS JEE PHASE-1 2019 RESULT
95.12 RAJ DHAVAL
92.08 PRAJAPATI HET
90.68 PATEL DHANANJAY
91.00 PRAJAPATI RIDHAM
87.23 Rana Anuj
86.01 Patel Aniket
85.28 Parmar Urmit
85.00 Patel Om
78.56 Siddharth
78.56 Patel Faizan
78.00 Parmar Jainik
76.00 Solanki Pritesh
76.00 Kadiwala Jainish
Chem.95 Patel Priyank
Chem.90.81 Modi Bhargav
Phy.94 Patel Parth
85.00 Degama Meet
80.95 Prajapati Khusi
80.94 Rana Mihir
80.54 Parmar Cheril
ADDRESS : 42, NARMADA COMPLEX, BESIDE CENTRAL BANK OF INDIA, PANCHBATTI, BHARUCH

સફળતાની ચાવી
જ્ઞાનમંદિર કલાસીસ
કમલેશ સર
મો. 9428326854
ADMISSION ચાલુ છે.
❋ લિમિટેડ વિદ્યાર્થી
❋ પર્સનલ ટ્યુશન કલાસીસ
❋ દરેક વિદ્યાર્થી ઉપર પુરતુ ધ્યાન
ધો. ૧ થી ૧૨ (વિજ્ઞાન પ્રવાહ)
We Believe in Quality not Quantity.....
શાખા-૧: ૪-૫ સામ્રાજય કોમ્પલેક્ષ, નર્મદાડેરીની ઉપર, જયોતિનગરની બાજુમાં, ઝાડેશ્વર રોડ, ભરૂચ
શાખા-૨: ૧ લક્ષ્મીકુંજ એપાર્ટમેન્ટ, લલ્લુભાઈ ચકલા, ભરૂચ.
શાખા-૩: બી /૫૯ શ્રી હરેશ ભાઈ પટેલના બંગલામાં, બસ સ્ટેન્ટ પાસે, જલારામ સોસાયટી, શુકલતીર્થ

ભાજપની ટિકિટ વહેંચણી:કોણ મૂરજાશે કોણ મહાલશે?

લોકસભા ચૂંટણીનો બુગિયો સ સંભળાઈ રહ્યો છે.રાજકીય પક્ષોએ પોતપોતાની પીપૂડી બરાબર વાગે તે માટેની કવાયત શરૂ કરી છે. તેમાં સૌથી મહત્વની વાત ઉમેદવારોની પસંદગી છે. તમામ રાજકીય પક્ષોને આ પ્રક્રિયા માથાના દુખાવા સમાન છે ભારતમાં રાષ્ટ્રીયકક્ષાના પક્ષોની સંખ્યા સાત નોંધાયેલા છે. રાજયકક્ષાના પક્ષોની સંખ્યા ૫૩ ની આજુબાજુ છે વણ નોંધાયેલા નો આંકડો કે તાળો મેળવવો કઠીન છે.


વિશેષ કરીને લોકસભા ચૂંટણીની વાત કરવામાં આવે તો તે ચૂંટણી લગભગ હવા ને રૂખ ઉપર ચાલતી હોય છે .કારણકે તેમનો વિસ્તાર ખૂબ મોટો હોય, તમામ વિસ્તારો મા મતદારોની સંખ્યા સાત લાખથી વધીને દસ લાખ આસપાસ હોય છે .તેમાં સાત જેટલા વિધાનસભા મતવિસ્તારો સમાવિષ્ટ છે .તેથી લોકસભા વિસ્તારમાં વીજય મેળવવો મુશ્કેલ છે. સામાન્યજન સમૂહના લોકમત હવા આધારિત હોય છે પરંતુ એટલું ચોક્કસ છે કે જે તે વિસ્તારમાં જ્ઞાતિ, મતદારો નો સમૂહ વગેરેને ધ્યાનમાં લેવામાં આવે છે તેથી તેમાં થતી પસંદગીની પ્રક્રિયા જટિલ કહી શકાય તેવી ભાગ્યે જ હોય છે કારણકે તેમાં કોઈ વ્યક્તિનાગમા અણગમા ના આધારે પરિણામ બદલી શકાતું નથી અથવા કોઈનો બળવો કોઈને ડિસ્ટર્બ કરે તેવી સંભાવના પણ ખૂબ ધૂંધળી છે. માટે મહત્તમ રાજકીય પક્ષો પોતપોતાના ઉમેદવારો પસંદ કરવામાં સાવચેતી તો રાખે જ છે પરંતુ તેમના માટે આ પ્રક્રિયા કઠિન નથી. સામાન્ય રીતે એક એવું નાટક ભજવવામાં આવે છે.વર્ષોથી કે જયાં નિરીક્ષકો ની નિમણૂક કરીને કાર્યકર્તાઓ, આમ પ્રજાની સેન્સ લેવામાં આવે છે સેન્સનુમોવડીમંડળ જેને આપણે પક્ષિય સૂબાઓ તરીકે ઓળખી શકીએ. તેમની પાસે એટલું મહત્વ હોતું નથી જે તે ઉમેદવારને વીનીગ કેપેસિટી ની કામગીરી ,નિષ્ઠા ઉપરાંત તેનું બેકગ્રાઉન્ડ જોવામાં આવે છે , તે સીટ પોતાના પક્ષમાં આવે તે માટેના ચોગઠા ગોઠવાય છે .

સૌરાષ્ટ્ર, કચ્છ સહિતની આઠ બેઠક ની જો ચર્ચા કરવાની થાય ત્યારે એવું ગણિત માંડવામાં આવે કે કચ્છ ભાવનગર અને રાજકોટ ભાજપ માટે મોસ્ટ ફેવરિટ અને સ્ટ્રોંગ બેઠકો ગણવામાં આવે છે કારણ કે આ બેઠક માં પોતાના મતદારોના પ્રભાવ સહિત શહેરી વિસ્તારને જોડે છે ત્યાંથી ભાજપને પરાસ્ત કરવું કઠીન છે છેલ્લી ઘણી ટર્મથી માર્જિનલ વોટસ્થી ભાજપ જીતતું આવ્યું છે. તેથી તે બેઠકોમાં ઉમેદવારોની પસંદગીમાં ખાસ વિશેષ કસરત કરવાની રહેતી નથી જોકે જયારે જે પક્ષની કીર્તિ ધોળા એ વધારે હોય ત્યાં ગીર્દી વધારે જોવા મળે ભાગલે ગાડે કોઈ બેસતું નથી.ત્યાં લગભગ શૂન્યાવકાશ જોવા મળે છે .પછી જાહેર લોકસભાની ચૂંટણી હોય કે વિધાનસભા.

કચ્છ લોકસભા સીટ એસ. સી અનામત છે તેથી આ બેઠક પર ભાજપના ઉમેદવાર સીટિંગ સભ્ય વિનોદ ચાવડાને બદલવા સહેલા છે કારણકે જયા રિઝર્વેશન છે ત્યાં લોકો પણ વ્યક્તિને નહિ પક્ષને મત આપતા હોય છે તેથી ત્યાં વ્યક્તિ મહત્વનો નથી ચાવડા ને બદલે અન્ય કોઈ નો પ્રયોગ પછી તે કોઈ મહિલાનો રૂપમાં પણ હોઈ શકે કેમ તેમ બનવાની સંભાવના દેખાય છે .રાજકોટ સીટ ક્યારેક કોઈ અપસેટ ને બાદ કરતા પાટીદાર સમુહના લોકો જીતતા આવ્યા છે તેનું શેહૂરી મતદાતા ભાજપની સાથે રહ્યો છે તેથી ત્યાં પણ મોહનલાલ લોંગ ને બદલે અન્ય કોઇ નવા ચહેરાને તક અપાઇ તો નવાઈ પામવા જેવું નહીં હોય પોરબંદરના વિઠ્ઠલભાઈ હવે ચૂંટણી લડી શકે તેવી ક્ષમતા ધરાવતા નથી તેથી તેમના પરિવારનું પ્રભુત્વ ધ્યાનમાં રાખીને તેને અનુકૂળ હોય તેઓ અન્ય ઉમેદવાર ગોઠવવામાં આવે જુનાગઢ ના રાજેશ ચુડાસમા સામે કોઈ એટલી મોટી ફરિયાદો નથી કે તેમને કટ કરવાની કોઈ કારણો દેખાતા નથી ઉપરાંત કોળી મતદારો નું પ્રભુત્વ સૌરાષ્ટ્રમાં જળવાઈ રહે તે માટે પણ ચુડાસમા ની રી એન્ટ્રી પોસિબલ દેખાય છે જોકે આજ સીટ માટે જવાહર ચાવડા પણ પોતાની તાકાતને ઉમેરીને નવા સમીકરણો સર્જવામાં ભાજપને મદદરૂપ બનશે .અમરેલી સીટની પૈકીની પાંચ વિધાનસભા સીટો કોંગ્રેસ પાસે છે તેથી આ શીટ ભાજપને જીતવા માટે વિશેષ અઘરી દેખાઈ છે. ત્યાં નારણ કાછડિયા ને પડતા મૂકવાની સો ટકા શક્યતાઓ દેખાય છે પરંતુ ત્યાંની સ્થાનિક ગુડ બાજી ભાજપને એટલી ડિસ્ટર્બ કરે છે ફિલ્મ સુરેન્દ્રનગરમાં દેવજી ફતેપરા ના બદલે અન્ય કોઈ કોળી ચહેરાને ઉતારવામાં આવે જામનગરમાં હાર્દિક પછી સ્થિતિ બદલાઈ છે ની એન્ટ્રી કરાવીને ક્ષત્રિય હતો અને રવિન્દ્ર ની લોકપ્રિયતાને એક્રેશ કરવા માં આવે એમ પણ બને ભાવનગર કોળી મતદાન ગઢ છે તેથી ભારતીય આને બદલે અન્ય કોઈ કોળી નેતૃત્વને કપાય શકે છે જો અન્ય જગ્યાએથી મહિલાઓને રી-એન્ટ્રી પોસિબલ ન બને તો ભારતીય ક્વૈદ્ધ બિસ્કીટ થશે

ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા ભાજપ કોયડો છે. ઠાકોર મતદારો પ્રભાવ આ સીટ રહ્યો છે.ક્ષત્રિય ને ઉતારી ભાજપ સીટ 'સેફ 'કરી શકે તેમ છે. બનાસકાંઠા બેઠક પરથી હરિભાઈ ચૌધરી એકાદ કેસને બાદ કરતા કોઈ ખાસ વિવાદમાં નથી તેથી તે રીપિટ થઈ શકે. પાટણ બેઠક અલ્પેશ ને કારણે થોડી સંભાળવી પડે તેવું છે. તેથી આ બેઠક પર કોઈ પાટીદાર ચહેરાને ઉતારીને નવો દાવ ખેલી શકાય. મહેસાણા બેઠક માટે જીવા પટેલને અજમાવી શકે. ગાંધીનગર અડવાણી વિદાય ઉમરના કારણે લગભગ નિશ્ચિત છે .ભાજપ માટે સલામત હોય પાર્ટી લાઇનનું કોઈપણ માણસ ત્યાં જીતી શકે તેમ છે. તેથી આ સીટ માટે ગમે તેને ત્યાંથી ઉતારવામાં આવે.પક્ષિય ધોરણે આ બેઠક ફાળવણી થશે. અમદાવાદ પૂર્વ અમદાવાદ પશ્ચિમ પણ એટલી જ હોટ ફેવરિટ માનવામાં આવી રહી છે પરેશ રાવલ અને કિરીટ સોલંકી બંનેના પત્તા કપાઈ જવાની પૂરી સંભાવના છે આણંદ અને ખેડા બંને બેઠકો પૈકીની આણંદ બેઠક ભાજપ માટે ભરતસિંહ સોલંકીની ઉમેદવારીને કારણે પડકારરૂપ છે ભરુચ બેઠક છોટુ વસાવા ના કારણે થોડી સંભાળવા જેવી ખરી ? તેથી ત્યાં મનસુખ વસાવાને તક મળવાની સંભાવનાઓ ઓછી છે. ભૂતકાળમાં તેણે અનેક વિવાદી નિવેદનોથી ભાજપને શરમમાં મૂકેલું તેથી તેને ઘર ભેગા કરવામાં આવશે તેવી સંભાવના છે .સુરત અને નવસારીમાં દર્શના જરદોશને બદલે કોઇ નવો જ ચહેરો આવી શકે. સી. આર. પાટિલ રિપિટ થાય એવું દેખાય છે માંડવી અને છોટાઉદેપુર આદિવાસી નવા ચહેરા ને ઉતારીને નવો ચીલો પકડવામાં આવશે વલસાડ બેઠક પણ એવી જ રીતે નવા ચહેરાને તક મળશે.

ભાજપને એરસ્ટાઈકથી વધુ તક મળવા સંભાવના છે મોદીની લોકપ્રિયતા માં ફરી ચડાવ આવતો દેખાયો છે. તેથી દરેક ઉમેદવારોને પોતાની નાવ તરી જવાય તેમ લાગે છે. તેથી ત્યાં હુંસાતુસી અને ધક્કામુક્કી વધારે છે આગામી દિવસો હવે મહત્વના સાબિત થશે તેમ લાગે છે.















ઉધનાની જીવન જ્યોત ખાડીમાં એકત્ર થયેલા કચરામાંથી ભંગારનો સામાન એકત્ર કરી પેટીયું રળતા શ્રમજીવી કચરાના ઢગલા વચ્ચે લગભગ અડધો દટાઈ ગયો હોવાનું તસવીરમાં જણાય છે.

હાર્દિકનું કોંગ્રેસ પર દબાણ શરૂ, ગીતાબેન પટેલ માટે ટિકીટ માંગી

ગાંધીનગર

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીના હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. હાલ ગુજરાતની રાજનીતિ પણ ચરમસીમાએ છે. કોંગ્રેસના અડધા ડઝનથી પણ વધારે ધારાસભ્યો કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાઈ ચૂક્યા છે. બીજી બાજુ પાસના નેતા હાર્દિક પટેલે કોંગ્રેસનો હાથ ઝાલીને સીધી રીતે રાજનીતિમાં ઉતરવાનો નિર્ણય કર્યો હતો. પરંતુ હાર્દિકને લઈને હાલ એવા સમાચાર મળી રહ્યા છે કે હાર્દિક પટેલ કોંગ્રેસમાં જોડાતા જ પોતાની મસમોટી માંગણીઓ મૂકવા લાગ્યા છે. એટલે કે કોંગ્રેસનું નાક દબાવવા લાગ્યો છે. હાર્દિક પટેલે હાલ કોંગ્રેસ પાસે પાસની નેતા ગીતાબેન પટેલ માટે ધાંગ્રાધા વિધાનસભાની સીટની ટિકીટ માંગી છે.

હાર્દિક પટેલની આ માંગને લઈને કોંગ્રેસમાં રાજકીય ગરમાવો આવી ગયો છે. કોંગ્રેસમાં અંદરોઅંદર ચર્ચા વિચારણા અને મીટિંગોનો ધમધમાટ શરૂ થયો છે. પક્ષમાં જોડાતાની સાથે જ હાર્દિક પટેલે કોંગ્રેસ પર દબાણ શરૂ કરી દીધું છે. તેમને આજે પાસ આગેવાન ગીતા પટેલને પેટાચૂંટણી લડાવવાની માગ કોંગ્રેસને કરી છે. હાર્દિકે ધ્રાંગધ્રા બેઠક પરથી પેટાચૂંટણી લડાવવા હાર્દિકે માંગણી કરી છે. તેને લઈને હાલ ગુજરાત કોંગ્રેસના નેતાઓ ચર્ચા-વિચારણાંમાં મૂકાઈ ગયા છે.

થોડા દિવસ પહેલા ધ્રાંગધ્રાની સીટ પરથી કોંગ્રેસના નેતા પરસોત્તમ સાબરિયાએ રાજીનામું આપ્યું હતું. અને તેઓ ભાજપમાં જોડાયા હતા. ત્યારબાદ ચૂંટણી પંચે લોકસભાની સાથે ગુજરાતમાં ખાલી પડેલી ચાર વિધાનસભાની સીટો માટેનું મતદાન પણ સાથે કરાવવાની જાહેરાત કરી હતી. ધ્રાંગધ્રાની સીટને લઈને કોંગ્રેસમાં પાછો ડખો પેઠો હોય તેવું કહીએ તો કંઈ ખોટું નથી.

યુવાનના પ્રાઈવેટ પાર્ટમાં ફસાયેલી હેર પિન બહાર કઢાઈ

સુરત

૩ દિવસ પહેલા એક દર્દી પોતાના પ્રાઈવેટ પાર્ટમાં કંઈ નાખીને દર્દ સાથે સિવિલ આવ્યો હતો. હકીકત જણાવતા શરમાતા આ યુવાનને તાત્કાલિક સર્જરી વિભાગમાં રીફર કરાયો હતો. જ્યાં એક્સ રેમાં તેના ગુપ્તાંગમાં એક લાંબી હેર પિન ફસાઈ હોવાનું બહાર આવ્યું હતું. જોકે, આવી અજીબો ગરીબ ઘટના બનવા પાછળનું યુવાન કોઈ કારણ કહીં શક્યો નહોતો. પણ ખૂબ ગભરાયેલી હાલતમાં આવ્યો હતો.

ડો. વર્મા (સર્જરી વિભાગ, સુરત સિવિલ હોસ્પિટલ) એ જણાવ્યું હતું કે, હા આવો કેસ આવ્યો હતો મારા ઓપીડીમાં, જોકે એ સમયે હું રજા પર હતો. મારા વિભાગના ડોક્ટરોએ તમામ પરીક્ષણ એટલે કે એક્સ રે જેવી નોર્મલ પ્રોસેસ કર્યા બાદ યુરોલોજીસ્ટનો અભિપ્રાય લઈ માઈનર ઓટી કરી હતી. ગણતરીના સમયમાં અને યુરોલોજીસ્ટની હાજરીમાં વડે પ્રાઈવેટ પાર્ટમાંથી મહિલાઓના વાળમાં નાખવાની હેર પિન બહાર કાઢી દર્દીને દર્દમુક્ત કર્યો હતો. ત્યારબાદ દર્દીને એક દિવસ દાખલ રખાયો હતો. પછી તેને રજા આપી દેવાય હતી. દર્દીની વિનંતીને લઈ તેનું નામ અને સરનામું કહી શકાય એમ નથી.

લોકસભા ચૂંટણીમાં લાઉડ સપીકરના ઉપયોગ અંગે માર્ગદર્શક સૂચના જારી

જરૂરી પરવાનગી બાદ જ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકાશે

વલસાડ

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ દરમિયાન વલસાડ જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયા દરમિયાન લાઉડ સ્પીકરના ઉપયોગ અંગે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ કે.જે.બોર્ડર દ્વારા કેટલીક માર્ગદર્શક સૂચનાઓ એક જાહેરનામા દ્વારા જારી કરવામાં આવી છે. જે મુજબ ચૂંટણીની આચાર સંહિતાને ધ્યાને લેવા ઉપરાંત ચૂંટણીના સરળ સંચાલન માટે તથા જાહેર જનતાને ઘોંઘાટ ન થાય તે માટે ભારતના ચૂંટણી પંચના આદેશ અનુસાર વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ચૂંટણી પ્રચારના કોઈ પણ હેતુ માટે લાઉડ સ્પીકરના ઉપયોગની જરૂરી પરવાનગી મેળવી સવારના ૬ વાગ્યાથી રાતના ૧૦ વાગ્યા સુધી જ તેનો ઉપયોગ કરી શકાશે. જિલ્લા સમગ્ર વિસ્તારોમાં સવારના ૬ વાગ્યા પહેલા અને રાતના ૧૦ વાગ્યા બાદ ચૂંટણી પ્રચારના હેતુસર લાઉડ સ્પીકરનો કોઈપણ પ્રકારે ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવાયો છે. જેનો અમલ તાત્કાલિક અસરથી તા.૨૭/૦૫/૨૦૧૯ સુધી કરવા અંગે પણ આ જાહેરનામામાં વધુમાં જણાવાયું છે. આ પ્રતિબંધિત આદેશોમાંથી ફરજપરના ચૂંટણી અધિકારી, મદદનીશ ચૂંટણી અધિકારી, નોડલ ઓફિસર, પોલીસ ઓફિસર તથા ચૂંટણી પંચે અધિકૃત કરેલા અધિકારીઓ અને સરકારી ફરજના ભાગરૂપે કાર્યવાહી કરતા અધિકારીઓ તથા તેઓને મદદ કરતી વ્યક્તિઓ/એજન્સીઓને મુક્તિ આપવામાં આવી છે. લાઉડ સ્પીકરના ઉપયોગ અંગેના આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે, એમ પણ વધુમાં જણાવાયું છે.

દુષ્કર્મની ઘટનાઓથી હાહાકાર, છેલ્લા ૪ દિવસમાં ૩ બાળકીઓ શિકાર બની

સુરત

સૂરત શહેરમાં થઈ રહેલી દુષ્કર્મની ઘટનાઓથી ચકચાર મચી ગયો છે, છેલ્લા ચાર દિવસમાં ૩ બાળકી સાથે દુષ્કર્મની ચોંકાવનારી ઘટનાઓ સામે આવી છે. શહેરના અમરોલી વિસ્તારમાં ૮ વર્ષિય બાળકી સાથે દુષ્કર્મની ઘટના બની છે. ઘટનાને પગલે સમગ્ર શહેરમાં રોષની લાગણી છે તો બીજી બાજુ શહેરીજનો દ્વારા આરોપીની વહેલી તકે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરવાની માગ પણ ઉઠી છે.

મળતી માહિતી મુજબ શહેરના અમરોલી વિસ્તારમાં ૮ વર્ષની બાળા સાથે દુષ્કર્મ આચર્યું હોવાનું સામે આવ્યું છે. બાળકીએ સમગ્ર હકીકત તેના પરિવારજનોને કરી હતી ત્યારબાદ બાળકીને સારવાર અને તપાસ અર્થે સ્વિમેર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. ત્યારબાદ પરિવારજનોએ પોલીસને જાણ કરી હતી. પોલીસે પ્રાથમિક વિગતો નોંધી આરોપીની શોધખોળની દિશામાં પ્રયત્નો શરુ કર્યા હતાં.

મહત્વનું છે કે, સૂરત શહેરમાં છેલ્લા ૪ દિવસમાં ૩ બાળકી સાથે દુષ્કર્મની ઘટના બની છે, જેના કારણે કાયદો વ્યવસ્થા અને સમાજમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે. આ પહેલા સૂરતના સચિન બરફ ફેક્ટરી નજીક બુધવારે સવારે ૪ વર્ષીય માસુમ બાળકી ઉપર ઘર સામે રહેતા બે નરાધમોએ દુષ્કર્મ ગુજારતા ચકચાર મચી ગઇ હતી. બંન્ને યુવકોને સ્થાનિક રહેવાસીઓએ પકડી ઢોર માર મારી પોલીસને હવાલે કર્યા હતાં.

દરિયામાં બે શંકાસ્પદ બોટ દેખાતા પોલીસે કરી અટકાયત

માંગરોળ

માંગરોળ સમુદ્રમાં ૨ શંકાસ્પદ બોટ દેખાતા પોલીસે બોટનો પીછો કર્યો હતો અને પૂછપરછ કરી હતી. જો કે અંતે ઓએનજીસીએ બોટ ભાડે રાખી હોવાનું ખુલ્યું હતું. તેમ છતાં પણ તંત્રએ હાલ બોટનો કબ્જો લઈ વધુ પૂછપરછ શરૂ કરી છે.

ખારવા સમાજના જાગૃત આગેવાને માંગરોળ એએસપી રવિ તેજા શેટીને જાણ કરતા એએસપી તથા પીએસઆઈ દેસાઈ તથા સ્ટાફના પાચેક કોન્સ્ટેબલ સાથે માંગરોળ દરીયા કિનારે પહોંચી ગયા હતા અને પ્રાઈવેટ બોટ અક્ષદિપ આઈએનડી જેના રજીસ્ટ્રેશન નં.જી.જે.૧૧ એમ.એમ. ૫૧૬ જેના માલીકનુ નામ દામોદર ધનજીભાઈ ચામુંડીયાની બોટ મરફતે તેમનો ચાર કલાક પીછો કરી બોટને વેરાવળ નજીક રોકી તેની પૂછપરછ કરી તપાસ કરી હતી. જો કે તપાસ દરમિયાન કોઈ વાંધાજનક મટીરીયલ કે કાગળ મળ્યા ન હતા. શંકાસ્પદ જોવા મળેલી એક બોટનુ નામ અલઆરીઝ નં. એમએનવી૨૧૩૭ હતું. જે માંડવી રજીસ્ટ્રેશન વાળા આઠ ખલાસીઓ સાથે હતા. બીજી બોટનું નામ શાહીબુખારી નં. વીબીડીઆઈ૭૪ છ ખલાસીઓ સાથે હતાં. બંને બોટ જામ સલાયાથી મુંબઈ તરફ જઈ રહી હતી અને આ બોટોને ઓ.એન.જી.સી. એ ભાડે રાખેલ હોવાનું જાણવા મળ્યું હતું હાલ બંને બોટ વેરાવળ લઈ જવાય છે અને ઉંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે.

વલસાડના જનસેવા કેન્દ્ર ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ

જનજાગૃતિ કેળવવા ઠેર-ઠેર વીવીપેટ મશીનનું નિદર્શન

વલસાડ

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ના મતદાનમાં મતદારો પોતાનો મતાધિકારનો ઉપયોગ કરે અને કોને મત આપ્યો તે જોઈ શકાય તે હેતુસર વીવીપેટનો ઉપયોગ કરવામાં આવનાર છે. વીવીપેટની જાણકારી દરેક મતદાર સુધી પહોંચે તે હેતુસર જિલ્લામાં મતદાન જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજાઈ રહયા છે. આ તમામ પ્રક્રિયાની જાણકારી મતદારોને થાય તે હેતુસર વલસાડ જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા સમગ્ર જિલ્લામાં વીવીપેટનું નિદર્શન કરવામાં આવી રહયું છે. જેના ભાગરૂપે વલસાડના જનસેવા કેન્દ્ર ખાતે વીવીપેટનું નિદર્શન સાથે મતદાર જાગૃતિનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં મતદારોએ લાભ લીધો હતો.

વલસાડ જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ધરણાં ઉપર પ્રતિબંધ

વલસાડ

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ને અનુલક્ષીને ચૂંટણી તથા જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં જાહેર સલામતી જાળવાના હેતુસર જિલ્લા મેજિસ્ટ્રેટ સી.આર.ખરસાણે તાત્કાલિક અસરથી તા.૦૯/૦૫/૨૦૧૯ સુધી વલસાડ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જાળવવા જાહેરમાં ધરણાં, ઘેરાવો કે ઉપવાસ ઉપર જવા ઉપર મનાઈ ફરમાવી છે. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ત્રણથી વધુ વાહનોના કાફલા પર પ્રતિબંધ લાગુ

કોઈક કારણે વધારે કાફલો હોય તો વિભાજન કરી દેવું

વલસાડ

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ને અનુલક્ષીને જિલ્લા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ કે.જે.બોર્ડરએ એક જાહેરનામા દ્વારા વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તાત્કાલિક અસરથી ૨૭/૦૫/૨૦૧૯ સુધી વાહનોના કાફલા તથા ચૂંટણી પ્રચાર માટે ફરતા વાહનો ઉપર લાઉડ સ્પીકર લગાવવા બાબતે કેટલીક માર્ગદર્શક સૂચનાઓ જારી કરી છે.

આ જાહેરનામામાં જણાવ્યા મુજબ લોકસભા ચૂંટણીની સમગ્ર પ્રક્રિયા દરમિયાન ચૂંટણીની આચાર સંહિતાને ધ્યાનમાં રાખતા તથા નિર્વાચન આયોગની સૂચનાઓને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તથા મુક્ત અને ન્યાયી ચૂંટણી માટે જાહેર હિતમાં વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ, સંસ્થા, મંડળી કે રાજકીય પક્ષ, બીન રાજકીય પક્ષ તથા અર્ધ રાજકીય પક્ષ તથા ચૂંટણીના ભાવી ઉમેદવારો માટે તા. ૨૭/૫/૨૦૧૯ સુધી કેટલાક કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવાયો છે. જે મુજબ (૧) કોઈપણ સંજોગોમાં કાર/વાહનોને ત્રણથી વધુ વાહનો જેવા કે ટેક્ષી, ખાનગી કાર, ટ્રક, ટ્રેક્ટર સાથે ટ્રેલર અને ટ્રેલર વિના, ઓટોરીક્ષા, સ્કૂટર, મોટર સાયકલ, બસ, મીની બસ, માલવાહક સાધન વગેરેને કાફલારૂપે જવા દેવાશે નહીં. કેન્દ્ર કે રાજ્ય સરકારના કોઈ મંત્રીને અથવા કોઈ અન્ય વ્યક્તિને લઈ જવાતા હોય તો પણ તે તમામ મોટા કાફલાને વિભાજીત કરવાના રહેશે. તેમ છતાં આ બાબત આવા કોઈ વ્યક્તિ સંબંધમાં આપવામાં આવેલી કોઈ સૂરક્ષા સૂચનાને આધીન રહેશે. (૨) ચૂંટણી પ્રચાર માટે ફરતા વાહનો ઉપર પરવાનગી પત્ર તથા લાઉડ સ્પીકર સાથેના વાહનો પરત્વે તેની પરવાનગી પત્ર કે જે પરવાનગી નંબર, તારીખ સહિતનો (વાહનના કાચ ઉપર લગાડેલ) હોય તો જ કાયદેસર ગણાશે. આવી પરવાનગી સક્ષમ અધિકારી દ્વારા માંગવામાં આવ્યે રજૂ કરવાની રહેશે. આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે, એમ પણ વધુમાં આ જાહેરનામામાં જણાવાયું છે.

મહાગઠ શેલડિયાએ સંખ્યાબંધ ડોક્ટરો પાસેથી ખંડણી પડાવી

હ્યુમન રાઈટ્સના નામે રૂપિયાનો તોડ કરતા શેલડિયા સામે ૭ ડોક્ટરોએ લેખિત ફરિયાદો રજૂ કરી : કોંગ્રેસના કોર્પોરેટર ડો. ચારૂલ કસવાલા પાસેથી ઠગ શેલડિયાએ રૂા. બે લાખ પડાવ્યા હતા.

સુરત

કતારગામ-વેડરોડ વિસ્તારમાં પેધી પડી ગયેલી ખંડણીબાજ ટોળકી સામે વધુ એક તબીબે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. અગાઉ કોઝવે રોડના ડૉ. અરવિંદ શર્મા પાસે રૂપિયા પાંચ લાખની ખંડણી માંગનાર કે.ડી. પટેલ ઉર્ફે સેલડીયા સામે ફરિયાદ નોંધાઈ હતી. આ ખંડણીખોર ટોળકીનો ભોગ બનેલા કતારગામ-વેડરોડના ડોક્ટરોએ પો.કમિ. સતીષ સર્માને રૂબરૂ મળી ફરિયાદ કરતાં પો.કમિ. સતીષ શર્માએ આ ટોળકી સામે કાર્યવાહી કરવા ડીસીબી પોલીસને આદેશ આપ્યો હતો. જેને પગલે સાતથી આઠ જેટલા તબીબોએ ખંડણીબાજ કે.ડી. સેલડીયા સહિતની ટોળકી સામે અરજી આપી હતી. જેના અનુસંધાને કોંગ્રેસના કોર્પોરેટર ડૉ. ચારૂલબેન કસવાલાનો પણ રૂપિયા બે લાખનો તોડ કરવાનો આ ટોળકીએ પ્રયાસ કર્યો હતો.

પુણાના કોંગ્રેસી કોર્પોરેટર ડૉ. ચારૂલબેન કસવાલાએ આરોપી કે.ડી. સેલડીયા, મનીષ ભુવા, સંજય પરમાર તથા એક અજાણ્યા વ્યક્તિ વિરૂદ્ધ પુણા પોલી મથકે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપી ખંડણીબાજ ટોળકીએ ફરિયાદી કોર્પો. ચારૂલબેન પાસે આવીને આરોગ્ય સુધારણા કાર્યક્રમમાં કામ કરૂં છું તેમ જણાવી તમે બીએએમએસ ડોક્ટર છો અને તેમ છતાં ગાયનેક પ્રેક્ટિસ કરીને ખોટું કરો છો, તમારા વિરૂધ્ધ લીગલ કાર્યવાહી કરીશું તેવી ધમકી આપી રૂપિયા બે લાખની ખંડણી માંગી હતી. જો પૈસા નહીં આપશે તો પતિના ટાંટીયા તોડી નાંખવાની અને બદનામ કરવાની ધમકી આપી હતી. પુણા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે. હ્યુમન રાઈટ્સ સહિત પ્રેસના નામે ચીટર કે.ડી. સેલડીયાએ અનેક ડોક્ટરોને નિશાન બનાવી લાખો રૂપિયાની ખંડણી માંગી હતી. જેમાં ચોક પોલીસ મથક વિસ્તારના ડૉ. કમલેશ વરીયા, ડૉ. રમેશ લવાણી, કતારગામ પોલીસ મથક વિસ્તારના ડૉ. સંદીપ નાવડીયા, ડૉ. જયંતી ભાયાણી, ડૉ. રમેશ મોરડીયા, ડૉ.ભાવેશ ભૂત, ડૉ. તરસડીયા, ડૉ. ચારૂલ કસવાલા, ડૉ. ભરત ધોળકીયા આ ખંડણીબાજ ટોળકીનો ભોગ બન્યા હતા. સ્થાનિક પોલીસ દ્વારા આ ડોક્ટરોની અરજી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



આચારસંહિતાના અમલ સાથે જ રોકડા રૂપિયા તથા વાંધા જનક ચીજવસ્તુઓ શોધી કાઢવા માટે સ્ટેટેસ્ટીક ટીમ મેદાનમાં આવી ગઈ છે. વાહન ચેક કરતી સ્ટેટેસ્ટીકની ટીમ તસવીરમાં નજરે પડે છે.

પીપલીયા ગામની સીમમાથી તીન પત્તીનો જુગાર રમતા છ શકુનીઓને ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી.



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તરફથી જિલ્લામાં દારૂ - જુગાર સદંતરપણે નાબુદ કરવા સુચના આપેલ હોય જે અનુસંધાને ભરૂચ એલ.સી.બી.ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર જે.એન.ઝાલા સાહેબના માર્ગદર્શન મુજબ પોલીસ સબ ઈન્સ્પેક્ટર એ.એસ.ચૌહાણ તથા એલ.સી.બી.ની ટીમ ભરુચ તાલુકા પો.સ્ટે વિસ્તાર મા પેટ્રોલીગમાં હતા દરમ્યાન સાથેના આ.પો.કો મહીપાલસિંહને મળેલ બાતમી આધારે પીપલીયા ગામની સીમમાં આવેલ તલાવડી પાસે ખુલ્લામાથી જુગારધારાનો કેસ શોધી કાઢી છ આરોપીઓને પકડી પાડેલ છે.જી.ભરૂચ (૨) ઈસ્માઈલભાઈ વલીભાઈ વોરા પટેલ રહેવાસી નવી નગરી કોલવણા તા.આમોદ જી ભરૂચ (૩) અરવિંદભાઈ લાલજીભાઈ પટેલ રહેવાસી મસ્જીદ ફળીયુ પીપળીયા ગામ તા.જી ભરુચ (૪) સબ્બીર ઉદેસંગ રાજ હૈવાસી નવીનગરી સુડી ગામ તા.આમોદ જી.ભરૂચ (૫) મોહમંદ ફારુક યુસુફભાઈ પટેલ રહેવાસી મસ્જીદ ફળીયુ પીપળીયા તા.જી.ભરૂચ (૬) પ્રકાશભાઈ શશીકાંતભાઈ પટેલ રહેવાસી મસ્જીદ ફળીયુ પીપળીયા તા.જી.ભરૂચ

જપ્ત કરેલ મુદ્દામાલ : પત્તાપાના નંગ-૫૨ કિંમત રૂપીયા ૦૦/૦૦ તથા પાથરણુ-૧ કિં,રૂ ૦૦-૦૦ મળી આવેલ હોઈ મજકુર ઈસમોની અંગ ઝડતીના રોકડા રૂ ૨૦,૦૨૦/- તથા દાવ ઉપર થી મળી આવેલ રોકડા રૂપીયા ૮,૩૦૦/- તથા મોબાઈલ ફોન-૬ કિં.રૂ ૧૪,૫૦૦/- તથા એક મો.સા. જેની કિ.રૂ. ૧૫,૦૦૦ મળી કુલ કિં.રૂ ૫૭,૮૨૦/-નો મુદ્દામાલ.

નવજીવન સર્કલ નજીક લુમ્સના કારખાનામાં આગ ફાટી નીકળી

ફાયર બ્રિગેડને તાકીદે દોડી જઈ આગ પર કાબૂ મેળવ્યો

સુરત

આજે બપોરે પોણા એક વાગ્યાના સુમારે ઉધના મગદલ્લા રોડ ઉપર નવજીવન સર્કલ નજીક નવસર્જન સોસાયટીમાં આગ લાગી હોવાનો મેસેજ મળતાજ ફાયર સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો.

ફાયર સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે બપોરે ૧૨.૫૦ કલાકે ઉધના મગદલ્લા રોડ પર નવજીવન સર્કલ નજીકનવસર્જન ઈનડસ્ટ્રીઝ સોસાયટીમાં પ્લોટ નં. ૩૪ ખાતે સંચાના કારખાનામાં આગ લાગી છે. બનાવની જાણ થતા જ ફાયર ઓફિસર બોરત્સે મજૂરા ફાયર સ્ટેશનથી અને ખડીયા માન દરવાજા ફાયર સ્ટેશનથી સ્ટાફ સાથે ઘટના સ્થળે પહોંચ્યા હતા. સંચાના કારખાનામાં શોર્ટ સર્કિટથી આગ લાગતા કાપડનો જથ્થો સળગ્યો હતો. કોઈપણ પ્રકારની જાનહાનિ કે મોટુ નુકસાનન થતા ફાયર સ્ટાફે સમયાંતરે આગ પર કાબૂ મેળવ્યો હતો.

ચૂંટણી બહિષ્કારના બેનર્સ લાગ્યા: 'કોઈ પણ પક્ષે પ્રચાર માટે આવવુ નહીં'

ભરૂચ

ભરૂચના લિંક રોડ પર આવેલી પારિજાતક વિહાર સોસાયટીની બહાર લોકસભાની ચૂંટણીનો બહિષ્કાર કરતા બેનર લાગ્યા છે. આ બેનરમાં લખ્યું છે કે, 'કોઈ પણ પક્ષે પારીજાતક વિહારમાં ચૂંટણીના પ્રચાર અર્થે સોસાયટીમાં પ્રવેશ કરવો નહીં'. જેને પગલે સત્તા પક્ષ ભાજપમાં દોડધામ મચી ગઈ છે. સોસાયટીની બહાર લાગેલા બેનરમાં લખવામાં આવ્યું છે કે, 'વોર્ડ નં-૨, પારીજાતક વિહાર સોસાયટીમાં ૫ વર્ષમાં કોઈ પણ વિકાસના કામો ન થયા હોવાથી ચૂંટણીનો બહિષ્કાર કરીએ છીએ. ચૂંટાયેલા નગરસેવાના સભ્યો આ વિસ્તારમાં જોવા તૈયાર નથી. સરકારશ્રીને તરફ ધ્યાન દોરવા પ્રયાસ કરવામા આવે છે. કોઈ પણ પક્ષે પારીજાતક વિહારમાં ચૂંટણીના પ્રચાર અર્થે સોસાયટીમાં પ્રવેશ કરવો નહીં'.

સુરત કાપડ ઉદ્યોગના ભવિષ્ય વિષયે ચેમ્બરમાં પેનલ ડિસ્કશન

સુરત

ધી સર્ધન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટર દ્વારા શુક્રવારે તા.૧૫ માર્ચ ૨૦૧૯ના રોજ સાંજે ૫.૩૦ કલાકે નાનપુરા સમૃદ્ધિ ખાતે સુરતના કાપડ ઉદ્યોગના ભવિષ્ય વિશે પેનલ ડિસ્કશનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કાપડ ઉદ્યોગના વિવિધ સેક્ટર જેવા કેટેક્ચ્યુરાઈઝીંગ, વિવિંગ, નીટિંગ અને યાર્નને ચર્ચામાં આવરી લેવામાં આવશે. વક્તા આનંદ સ્વરૂપ એર ટેક્ચ્યુરાઈઝીંગ, મનોજ ખન્ના, ફેબ્રિક પ્રોસેસિંગ, મયુર ગોંડલીયા, નીટિંગ, કુલકર્ણી વિવિંગ અને મનોજ ગૌતમ યાર્ન ડાઈંગ વિશે ચર્ચા કરશે.

બેસ્ટ લેડી સિંગર્સ તથા બેસ્ટ ડુએટ સિંગર સ્પર્ધાના પરિણામો જાહેર

બેંગાલ સ્પોર્ટિંગ ક્લબનો વાર્ષિક સ્નેહમિલન સમારંભ યોજાયો

સુરત

બેંગાલ સ્પોર્ટિંગ યંગ આર્ટસ કલબ સુરતનું ૪૯મું વાર્ષિક સ્નેહમિલન અને પ્રમુખ હરીશ શાહની ૭૨ જન્મ દિન ઉજવણી પ્રસંગે બેંગાલ સ્પોર્ટિંગ યંગ આર્ટસ ક્લબ સુરત દ્વારા સુરતમાં યોજાયેલ ૨૨મી બેસ્ટ લેડીસિંગર્સ ગીત સ્પર્ધા ૨૦૧૯ના વિજેતાઓ મીરા રાદડિયા, પ્રિયંકા લોટવાલા, અર્પિત શાલીન, આરોહી શાહ, પ્રિયાંસી ટંડેલ, ટીશા નિલેષ સ્પર્ધકો હતા. ૨૩, બેસ્ટ ડુએટ સિંગર્સ ગીત સ્પર્ધા ૨૦૧૯ના વિજેતાઓ શાનુખાન અર્પિતા શાલીન, મહેશ ગોહર ટીશા નિલેષ, નઈમ મલિક-સલીમ ટોની, અૈયુબ ખલીફા -ભુપેન્દ્ર ગૌસ્વામી, અસલમવોરા-સલીમ ટોની. બાબા સિંઘાનીયા -સ્મિતા મહેતા, નીતા મકવાણા-સંજય સેલાર, જયંતિ ગજજર-ભુપેન્દ્ર સ્પર્ધકો હતા. ૧૬ નિર્ણાયકો હતા. રાજુરાણા, ભૂમિકા વખારીયા, ફીરોજ કાપડિયા, ભક્તિ શાહ. અતિથિ વિશેષ અનિલ પટેલ (ગાંધીનગર), મુખ્ય અતિથિ અનિલ બિસ્કીટવાલા, પ્રમુખ હરીશ શાહ, મહામંત્રી મેનેજર મોહિન મલિક, વાઈસ ચેરમેન રવિ અગલ, પંચમ ગ્રુપના રીધ્ધેશ્વર શ્રીકુમાર અને નિર્ણાયકો હસ્તે ૧૮ વિજેતાઓને ટ્રોફીઓ, પ્રમાણપત્રો નાયત કરાયા હતા.

પત્ની હોવા છતાં અન્ય સ્ત્રીને પત્ની તરીકે ઘરમાં રાખતા પતિ સહીત ચાર વિરુદ્ધ ફરિયાદ



ડેડીયાપાડાની ધરમપુર (માંડવી)ખાતે પરણાવેલી પરણીતાએ પતિ સહિતના સાસરિયાઓ વિરુદ્ધ ફરિયાદ આપી

રાજપીપળા : પતિ પત્ની ઔર વોહ ના ચક્કરમાં પોતાની પત્નીને હેરાન કરવાના કિસ્સા ઘણા સામે આવે છે ત્યારે હાલ નર્મદા જિલ્લાના ડેડીયાપાડા ખાતેની એક મહિલા પણ આજ રીતે ત્રાસ સહન કરતા કંટાળ્યા બાદ મહિલા પોલીસ મથકે પોહચી અને સાસરિયાઓ સહિત એની જગ્યા છીનવનાર અન્ય સ્ત્રી વિરુદ્ધ ફરિયાદ આપતા પોલીસે તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ડેડીયાપાડા ખાતે રહેતી ફરિયાદી અંગીતાબેનના લગ્ન ૨૦૧૫ માં માંડવી ના ધરમપુર ખાતે રહેતા સંજય ગંભીર વસાવા સાથે થયા બાદ થોડાજ સમયમાં પત્ની અંગીતા સાથે લગ્ન કરવા છતાં અને છૂટાછેડા કે અંગીતાની મંજૂરી લીધા વગર પતિ સંજય ભરૂચ ના નેત્રંગ ની રિના વસાવા ને તેના ઘરમાં બીજી પત્ની તરીકે રાખતા વારંવાર ઝગડા થયા અને વારંવાર અંગિતાને બીજી પત્નીના કારણે શારીરિક માનસિક ત્રાસ આપી ગાળો આપી મારી નાખવાની ધમકી આપી અંગિતાને ઘરમાંથી કાઢી મુક્ત અંગીતાબેને પતિ સંજય જેઠ નીતિન સાસુ શારદા અને તેની જગ્યા છીનવનાર બીજી પત્ની તરીકે રહેતી રિના વસાવા સહીત ચાર વિરુદ્ધ રાજપીપળા મહિલા પોલીસ સ્ટેશને ફરિયાદ આપતા પોલીસે અંગીતાના સાસરિયાઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી કરી છે.

ચૂંટણીલક્ષી શબ્દોના વિવિધ ભાષામાં સમાનાર્થી જણો છો ?

નવસારી

લોકસભાની સામાન્ય ચૂંટણી જાહેર થઈ ત્યારથી અખબારો અને ન્યુઝ ચેનલોના માધ્યમથી આપણા આંખ-કાન પર કેટલાક શબ્દો અથડાઈ રહ્યા છે, જેમ કે મતદાર વર્ગ, ચૂંટણી ક્ષેત્ર, ચૂંટણી પંચ વગેરે... આ શબ્દો માત્ર ગુજરાતીમાંજ નહીં દેશની અન્ય ભાષાઓમાં પણ પડ્યા કર્યા છે. આ અને આવા ચૂંટણીલક્ષી શબ્દોને અન્ય ભાષાઓમાં શું કહે છે, આવો જાણીએ!

ચૂંટણી -ગુજરાતીમાં ચૂંટણી કે મતદાનને હિંદી, બંગલા, અસમિયા અને ઉડિયા ભાષામાં નિર્વાચન, પંજાબીમાં ચોણ, ઉર્દુમાં ઈન્તિખાબ, કશ્મીરીમાં ચુનાવ, સિંધીમાં નિર્વાચનુ કે ચૂડ, મરાઠીમાં નિવણૂક કે મતદાન, તેલુગુમાં એન્નિક, તમિળમાં તેર્દલ, મલયાલમમાં તિરત્રાટુપ્પુ અને કન્નડમાં ચુનાવણ કહે છે.

મતદાર વર્ગ - મતદાર વર્ગ માટે હિંદી, બંગાળી, અસમિયા, ઉડીયા અને મલયાલમ ભાષામાં નિર્વાચક વર્ગ, પંજાબીમાં ચોણકાર વરગ, ઉર્દુમાં તબકા-એ-ઈન્તિખાબ, સિંધીમાં નિર્વાચક વર્ગુ, મરાઠીમાં મતદાર સંઘ, તેલુગુમાં વોટરૂ વર્ગમુ, તમિળમાં કક્કલરુકુલ અને કન્નડમાં ચુનાયક ગણ શબ્દ વપરાય છે.

ચૂંટણી ક્ષેત્ર - ચૂંટણી ક્ષેત્ર કે મત વિસ્તાર માટે હિંદી, સિંધી અને બંગાળી ભાષામાં નિર્વાચન ક્ષેત્ર, પંજાબીમાં ચોણ-ખેતર, ઉર્દુમાં હલકા-એ-ઈન્તિખાબ, કાશ્મીરીમાં ઈન્તિખાબુક હલકુ, મરાઠીમાં મતદાન ક્ષેત્ર, અસમિયામાં નિર્વાચન ક્ષેત્ર, ઉડિયામાં વોટીંગ ક્ષેત્ર, તુલુગુમાં તેર્દલ ક્ષેત્રામ, તમિળમાં તેર્દલ તાગુદિ, મલયાલમમાં તિરત્રાટુપ્પુમંડલ અને કન્નડમાં ચુનાવણા ક્ષેત્ર શબ્દો ઉપયોગમાં છે.

ચૂંટણી પંચ - ચૂંટણી પંચને હિંદી, મરાઠી, બંગાળી અને ઉડિયા ભાષામાં નિર્વાચન આયોગ, પંજાબીમાં ચોણ કમિશન, કશ્મીરીમાં ચુનાવ કમિશન, સિંધીમાં ચૂડ કમિશન અથવા નિર્વાચન આયોગ, અસમિયામાં નિર્વાચની આયોગ, તેલુગુમાં વોટિંગ કમિશણુ, તમિલમાં તેર્દલ આણૌક્કુલુ, મલયાલમમાં તિરત્રાટુપ્પુ કમિશન અને કન્નડમાં ચુનાવણા આયોગ કહે છે.

મતદાર મંડળ - મતદાતાઓના સમૂહ માટે ગુજરાતીમાં મતદાર મંડળ શબ્દ છે તેમ હિન્દી તથા ઉડિયામાં નિર્વાચક મંડળ છે. પંજાબીમાં ચોણકર મંડલ, ઉર્દુમાં હલકા-એ-ઈન્તિખાબ, કશ્મીરીમાં ચુનાવુક હલકુ, સિંધીમાં નિર્વાચક મંડલુ, મરાઠીમાં નિવણૂક મંડલ, બંગાળીમાં નિર્વાચક મંડલો, અસમિયામાં નિર્વાચક મંડલ, તેલુગુમાં વોટર્સ મંડલી, તમિળમાં તેર્દલ મનરમ,મલયાલમમાં નિર્વાચક મંડલમ અને કન્નડમાં ચુનાયક મંડલી શબ્દો પ્રયોજાય છે.

ચૂંટણી આયુકર્ત - ચૂંટણી આયુકત પ્રમાણમાં ઓછો જાણીતો શબ્દ છે, કારણ કે આયુકતનો અંગ્રેજી સમાનાર્થી શબ્દ કમિશનર વધુ ચલણમાં છે. હિંદીમાં એને ચુનાવ આયુકત, પંજાબીમાં ચોણ કમિશનર, કશ્મીરીમાં ચુનાવ કમિશનર, સિંધીમાં ચુંડ કમિશનરૂ,મરાઠીમાં નિવણૂક અધિકારી, બંગાળીમાં નિર્વાચન મહાધ્યક્ષ, અસમિયા અને ઉડિયામાં નિર્વાચન આયુકત, તેલુગુમાં એન્નિકલ કમિશનરુ, તમિળમાં તેર્દલ આણૌયર, મલયાલમમાં તિરૂત્રાટુપ્પુ કમિશનર અને કન્નડમાં ચુનાવણા આયુકત શબ્દ છે.

પ્રેમિકાની હત્યા કરી પ્રેમીએ ગળેફાંસો ખાઈ આપઘાત કરતા ખળભળાટ

ભિલાડ

દક્ષિણ ગુજરાતમાં આવેલા ઉમરગામ તાલુકાના ભિલાડમાં એક પ્રેમીએ પરિણીત પ્રેમકિાને ચપ્પુના ઘા મારીને ઠંડા કલેજે હત્યા કરી પોતે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી. ભિલાડ પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણએ ભિલાડના જીવનજીપાડા મીશ ફળિયામાં રહેતા ૪૦ વર્ષીય દિનેશ બાબુલ ધોડીએ રાતમાં પોતાના ફળિયામાં રહેતી પરિણીત અને ચાર બાળકોની માતા એવી પ્રેમિકા સંગીતા બદાને માથા અને શરીરના ભાગે ચપ્પુના ઘા મારી ઠંડા કલેજે હત્યા કરી નાખી હતી.

પ્રેમિકાની હત્યા કર્યા બાદ પ્રેમીએ પોતે ઘરના પાછળના ભાગે નાયલોન દોરી વડે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ અરેરાટી ભરી ઘટનાની જાણ થતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી.

દિનેશ ધોડીને તેની પત્ની થોડા વખત પહેલા છોડી જતી રહી હતી. પરંતુ પરિણીત પ્રેમિકાને ચાર નાના છોકરાઓ છે જે આ ઘટના બાદ નોંધારા બની ગયા છે. હત્યાનો ભોગ બનનાર સંગીતાનો પતિ દરિયામાં માછીમારી કરવા ગયો હતો. આ અંગે પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથધરી છે.

ડાંગ દરબાર લોકમેળા દરમિયાન આહવાનો મુખ્ય માર્ગ બંધ રહેશે

આહવા

ડાંગ દરબારના લોકમેળા દરમિયાન ઉમટતા પ્રજાજનોની સલામતી સહિત કોઈ અઘટિત બનાવ ન બને તે માટે આહવાના મુખ્ય માર્ગો ઉપર વાહનોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી ટી.કે.ડામોરે જારી કરેલા એક જાહેરનામા અનુસાર તા.૧૬/૩/૨૦૧૯નાં રોજ સવારના ૭ વાગ્યાથી, તા.૧૯/૩/૨૦૧૯નાં રોજ રાત્રીના ૧૨ વાગ્યા સુધી (૧) આહવાની પી.ડબ્લ્યુ.ડી. ઓફિસથી આહવા ગ્રામ પંચાયતના કાર્યાલય વચ્ચેનો મુખ્ય માર્ગ બંધ કરાયો છે. તે સાથે (૨) આહવા પોસ્ટ ઓફિસની સામે આવલા શહિદ સ્મારકથી રંગ ઉપવન તરફનો શ્રી મોરારજી દસાઈ માર્ગ પણ મોટર વાહનો તથા ભારે વાહનો માટે બંધ કરાયો છે. આ ઉપરાંત આ દિવસો દરમિયાન આ માર્ગો ઉપરથી ઢોરોના આવાગમન ઉપર પણ પ્રતિબંધ જાહેર કરાયો છે.

સાથે વાહન ચાલકોની સરળતા માટે પી.ડબ્લ્યુ.ડી. ઓફિસ ફૂવારા સર્કલથી આશ્રમ રોડ થઈને, સિવિલ હોસ્પિટલ, ગાંધી કોલોની થઈ હાઈસ્કૂલ રોડ તરફથી સરદાર વલ્લભભાઈ પટેલ માર્ગથી એસ.ટી.ડેપો જતા માર્ગનો ઉપયોગ કરવા અનુરોધ કરાયો છે. આ પ્રતિબંધ આદેશ (૧) પીવાના પાણીની સેવા, ગંદા પાણીના નિકાલની સેવા, તબીબી સેવાઓ, કાયદો અને વ્યવસ્થાની જાળવણીની સેવા જેવી આવશ્યક સેવાઓ પુરી પાડવા જતા અધિકૃત વાહનો, અધિકારી/કર્મચારીઓ તથા (૨) સરકારી ફરજ ઉપર હોય તેવા સરકારી વાહનો તથા તેના અધિકારી/કર્મચારીઓને લાગુ પડશે નહીં. આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ કાર્યવાહી હાથ ધરાશે, જેની સૌને નોંધ લેવા પણ વધુમાં જણાવાયું છે.

નવાપુરામાં રહેણાંક મિલ્કતમાં ગેરકાયદે દુકાનનું ડીમોલીશન

એકથી પાંચમાં માળ સુધીની ૧૨ દુકાનોમાં તોડફોડ

સુરત

સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૩ નોંધ નં.૧૩૦, પારસી શેરી, નવાપુરા વાળી મિલકતમાં મિલકતદાર સ્વસ્તિક એન્ટરપ્રાઈઝ એક ભાગીદારી પેઢી તેના ભાગીદારો દ્વારા સુરત મહાનગરપાલિકા દ્વારા રહેણાંક હેતુ માટે મંજુર કરાયેલ પ્લાનો વિરૂદ્ધ રોલિંગ શટરો લગાવી કોમર્શિયલ બાંધકામ કરતા તા.૧૪-૩-૨૦૧૯નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિક્યોરિટી સ્ટાફની મદદથી ડીમોલીસન કરવામાં આવેલ. જે અંતર્ગત એકથી પાંચમા માળે ૧૨ રોલિંગ શટર દૂર કરવામાં આવેલ છે. તેમજ ડીમોલીશન પેટે રૂા.૨૫૦૦૦ વહીવટી ચાર્જ વસૂલ લેવામાં આવેલ છે.

રાજપીપળા પાલિકાનું કાસ્ટિંગ મતના સહારે આચાર સંહિતામાં ૪૫ કરોડનું બજેટ મંજુર



રાજપીપળા પાલિકાની મળેલી સામાન્ય સાધારણ સભામાં સત્તા પક્ષ-વિપક્ષના સભ્યો અને પાલિકા સીઓ વચ્ચે પાલિકાની ફાઈલો પેન્ડિંગ મૂદ્દે માથાકૂટ

રાજપીપળા : રાજપીપળા નગર પાલિકામાં હાલ ભાજપનું શાસન છે.બીજી ટર્મ માટે જીગીશા ભટ્ટ પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા હતા.રાજપીપળા પાલિકા સભાખંડમાં પાલિકા પ્રમુખ જીગીશા ભટ્ટની અધ્યક્ષતામા ૧૫મી માર્ચે વર્ષ ૨૦૧૯-૨૦ માટેનું બજેટ મંજુર કરવા સામાન્ય સાધારણ સભા મળી હતી.આ સામાન્ય સાધારણ સભામાં ભાજપ અને કોંગ્રેસ-અપક્ષના ૧૨-૧૨ સભ્યો હોવાને કારણે બજેટ મંજુર કરવા મુદ્દે ટાય પડી હતી.જોકે પાલિકા પ્રમુખે પોતાના કાસ્ટિંગ મતનો ઉપયોગ કરતા અંતે ૪૫.૩ કરોડની કુલ આવક સામે ૪૨ કરોડનો અંદાજીત ખર્ચ મૂકી ૩.૩૧ કરોડના પૂરાંત વાળુ બજેટ સત્તા પક્ષે મંજુર કર્યું હતું.તો બીજી બાજુ આ બજેટ મંજુર કરવા મુદે વિપક્ષે પોતાનો એક સુરે વિરોધ નોંધાવી બજેટને નામંજૂર કર્યું હતું.

હાલ ૨૦૧૯ લોકસભા ચૂંટણી માટે સમગ્ર દેશમાં આચારસંહિતા અમલી બની છે.આચારસંહિતા દરમિયાન રાજપીપળા પાલિકાએ સામાન્ય સાધારણ સભા બોલાવી વર્ષે ૨૦૧૯-૨૦ માટેનું બજેટ મંજુર કરતા આચારસંહિતાનું ઉલ્લંઘન કરી આ બજેટ મંજુર કરાયું હોવાની વાત સામે આવી હતી જોકે એ વાત ખોટી હોવાનું પણ જાણવા મળ્યું હતું.પણ આ મામલે કાયદો શુ કહે છે એ જોવું રહ્યું.

ચાલુ બોર્ડમાં પાલિકા સભ્યો અને મુખ્ય અધિકારી વચ્ચે માથાકૂટ થઈ

રાજપીપળા નગર પાલિકામાં બજેટ લક્ષી બોર્ડ મળ્યું હતું એ દરમિયાન રાજપીપળા પાલિકાના પૂર્વ પ્રમુખોમાં સંદીપભાઈ દશાંદી,મહેશભાઈ વસાવા અને પાલિકા સભ્ય સલીમભાઈ સોલંકીએ પાલિકાની પેન્ડિંગ ફાઈલો મુદે મુખ્ય અધિકારી અમિત પંડ્યાને રજુઆત કરી હતી ત્યારે સંદીપભાઈ દશાંદીએ આ મામલે જણાવ્યું હતું કે મુખ્ય અધિકારી આવાસના ફોર્મ મૂકી રાખતા હોય કોઈ પ્રોસેસ ન કરતા તેમજ અમુક માં સહી કરવા માટે ખોટા ખોટા બહાના કાઢે છે જેથી લાભાર્થીઓ અને ગરીબ લોકો અટવાયા છે. જ્યારે મહેશભાઈ વસાવાએ જણાવ્યું હતું કે અમિત પંડ્યા સરકારી યોજનાઓ માટે જરૂર પડતા દાખલાઓ પર સહી કરતા નથી,અમે રજુઆત કરવા જઈએ ત્યારે તેઓ અમારું પણ માનતા નથી.આ મામલે અમારી ચાલુ મિટિંગમાં સીઓ સાથે માથાકૂટ થઈ હતી.

આચારસંહિતામાં બજેટ લક્ષી બોર્ડ બોલાવી શકાય છે : અમિત પંડ્યા, સીઓ રાજપીપળા નગરપાલિકા

આ મામલે રાજપીપળા પાલિકા મુખ્ય અધિકારી અમિત પંડ્યાએ જણાવ્યું હતું કે આચારસંહિતામાં બજેટ લક્ષી બોર્ડ બોલાવી શકાય,આ કોઈ આચારસાહિતાનું ઉલ્લંઘન નથી.અને મારી સાથે બજેટની બેઠક દરમિયાન કોઈ પણ સભ્યોએ માથાકૂટ કરી નથી આ તદ્દન ખોટી અફવા છે એમ જણાવ્યું હતું.

નર્મદા રામપુરાથી પરિક્રમા પથ બનાવવા માંગ, શ્રદ્ધાળુઓને પડતી મુશ્કેલી



આ પરિક્રમા નું વિશેષ મહત્વ છે જેથી ચૈત્ર માસમાં મોટી સંખ્યામાં ભક્તો આ પંચકોશી પરિક્રમા કરવા આવે છે મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન સહિતના રાજ્યો માંથી આ ૨૧ દિવસ દરમ્યાન ૫ લાખ થી વધુ પરિક્રમા વાસીઓ આવે છે વહેલી સવારે ૪ વાગ્યા થી પરિક્રમા શરુ થાય છે અને અંધારામાં ભક્તોને ખરાબ માર્ગને કારણે ચાલતા ફાવતું નથી કેટલાય લોકો પડી જાય છે નર્મદા નદીના ઘાટો પણ બનાવાતા નથી અને બહારના પરીક્રમાંવાસી ઓને મુશ્કેલી પડતા છાપ ખરાબ લઈને જાય છે, રામપુરાના રણછોડજી મંદિરે પાણી શુદ્ધા પીવાની વ્યવસ્થા નથી ત્યારે વહીવટી તંત્રે કે જીલ્લા પ્રવાસન વિભાગે રસ લઈ આ પરિક્રમા દરમ્યાન ખાસ વ્યવસ્થા કરાવી જોઈએ આ ૧૬ કિમી ના માર્ગ ને વ્યવસ્થિત બનાવવો જોઈએ એવી માંગ સાથે આવેદન પત્ર આપ્યું છે. - સદાનંદ મહારાજ (સંત રામપુરા)

ચૈત્ર માસ પંચકોશી પરિક્રમા માં ૫ લાખ થી વધુ શ્રદ્ધાળુંઓ પ્રદક્ષિણા કરે છે તમામ ને મુશ્કેલી નો સામનો કરવો પડે છે. નદી કિનારે પરિક્રમા વાસી ચાલી શકે એવો રસ્તો અને ઘાટો બનાવવા જોઈએ, હોળીઓ અને વિસામાં મુકવા જોઈએ..સદાનંદ મહારાજ

રાજપીપળા : ચૈત્ર મહિનાની શરુઆત સાથે પુણ્ય સલીલા માં નર્મદાની પંચકોશી પરિક્રમાનો પ્રારંભ થયો છે. ૨૧ દિવસ ચાલનારી આ પરિક્રમામાં રોજ ના હજારો ભક્તો આ પરિક્રમા કરે છે.ત્યારે આ ૧૬ કિમી નો માર્ગ વ્યવસ્થિત હોય અને પરિક્રમા વાસી શાંતિથી ચાલી શકે એવા બનાવવા જોઈએ સાથે નદી કિનારાના ઘાટો પણ બનાવવા જોઈએ અને રસ્તામાં પાણીની કે લીંબુ સરબતની વ્યવસ્થા રાખવી જરૂરી છે, હિંદુ દેવસ્થાન કમિટીમાં આવતા રણછોડજી મંદિર ખાતે પણ પાણીની વ્યવસ્થા ગોઠવવામાં આવતી નથી જેથી સંતોએ જીલ્લા કલેકટર થી લઇ કેન્દ્રીય મંત્રી અને ધારાસભ્યને લેખિત માં રજૂઆત કરી છે.

નર્મદામાં ઉત્તર દિશા તરફ વહેતી પુણ્ય સલીલા માં નર્મદાનું અનેરું મહાત્મ્ય છે.નર્મદા દર્શન થી પાપ નાશ થઈ જાય છે. ત્યારે નર્મદા નદીની પરિક્રમાનું પણ વિશેષ મહત્વ છે. આ મહાત્મ જાણી મોટી સંખ્યામાં ભક્તો આ પરિક્રમા કરે છે, જેની રામપુરા ખાતે થી શરુઆત થાય છે અને જ્યાં અનેક રજૂઆત છતાં ઘાટ બનાવાતો નથી અને જેનો ૧૬ કિમી નો માર્ગ હોય જે વ્યવસ્થિત બાવવા અને લાઈટો વિસામો અને પાણી ?યવસ્થા કરવી જોઈએ એવી ભક્તો અને સંતોની માંગ છે. માટે સદાનંદ મહારાજ અને અન્ય ભક્તો દ્વારા જિલ્લા કલેકટર ને આવેદન આપી જેમ અન્ય પરિક્રમા અને મેળામાં તંત્ર જવાબદારી ઉઠાવે છે એ રીતે રસ્તો બનાવાય, હોડીઓની વ્યવસ્થા સાથે વિષામાંની વ્યસ્થા કરવામાં આવે એ જરૂરી બન્યું છે ત્યારે ભક્તોએ આ અંગેની માંગ કરી છે.

ડેડીયાપાડાના ખોખરામર ગામની ભારત સેવાશ્રમ સંઘ સંસ્થા પર ધારાસભ્યની જાહેર રેડ : સંચાલકોને ધમકાવી બાનમાં લીધા



સાંસદ મનસુખભાઈ વસાવા સહીત સંચાલકો આગેવાનો ધારાસભ્ય ની કામગીરી સામે વાંધો ઉઠાવી જિલ્લા કલેકટર ને રજૂઆત કરી : FIR ની માંગ કરી

હિન્દૂ સંસ્થા પર આ જાહેર રેડ એક સડયંત્ર : આશ્રમ વિરુદ્ધ બાળકને ગેરમાર્ગે દોરી ફરિયાદ નો ધારાસભ્ય મહેશ વસાવા સામે કર્યા આક્ષેપો.

રાજપીપળા : ડેડીયાપાડાના ખોખરામર ગામે ૧૯૮૨ થી કાર્યરત ભારત સેવાશ્રમના છાત્રાલયમાં ૫૫ જેટલા આદિવાસી બાળકો રહીને આજુબાજુની શાળામાં અભ્યાસ કરે છે. બોધમિત્રાનંદ સ્વામી આ આશ્રમના સંચાલક છે જેમના દ્વારા આટલા વર્ષોથી આ સંસ્થા દ્વારા એકદમ ગુણવત્તા વાળુ ભોજન વસ્તુઓ અપાતી હોય બાળકો વર્ષોથી ખુશીથી રહેતા હટતા પરંતુ ગત રોજ એક બાળકની ફરિયાદને આધારે ડેડીયાપાડા ધારાસભ્ય મહેશ વસાવા, કારોબારી ચેરમેન બહાદુર પોતાના ૧૦૦ જેટલા ટેકેદારો સાથે આશ્રમ પર ગયા હતા.અને જાહેર રેડ કરી ચેકીંગ કરીને સંચાલકો પર દબાણ ઉભું કરવાનો પ્રયાસ કર્યો હતો. બંધ દરવાજાના ાળા પણ તોડી નાખ્યા સહિતની કામગીરીથી વાતાવરણ તંગ બની ગયું હતું. બાદમાં ધારાસભ્યએ મામલતદાર, TDO અને ડેડીયાપાડા PSI ને પણ બોલાવ્યા હતા.

આ ઘટનાના પ્રત્યાઘાતો વિપરીત પડતા સાંસદ મનસુખ વસાવા આશ્રમના સંચાલક બોધમિત્રાનંદ સ્વામી, ઈનરેકા સંસ્થા ના સંચાલક વિનોદ કૌશિક, શંકર વસાવા, વીએચપી સંગઠનના નિશિથ ટેલર, પ્રજ્ઞેશ રામી, સહીત આગેવાનો હાજર રહ્યા હતા. અને જિલ્લા કલેક્ટર આઈ.કે.પટેલને રજૂઆત કરી ધારાસભ્ય મહેશ વસાવા વિરુદ્ધ રજૂઆત કરી આ પૂર્વ આધારિત કાવતરું ગણાવી તમામ સામે ફરિયાદની માંગણી કરી હતી.

ચૂંટણી જાહેર થઈ હોવાથી પ્રજા પર પ્રભાવ પાડવાનો આ પ્રયાસ છે : મનસુખ વસાવા (સાંસદ)

આ બાબતે સાંસદ મનસુખ વસાવાએ ધારાસભ્ય સામે આક્ષેપો કર્યા હતા કે ચૂંટણી જાહેર થઈ હોવાથી પ્રજા પર પ્રભાવ પાડવાનો આ પ્રયાસ છે અને મોટી ધાડ મારી હોય તેવુ બતાવવા માંગે છે. ધારાસભ્ય અને કારોબારી ચેરમેન હિન્દૂ સંસ્કૃતીનાં કટ્ટર વિરોધી છે. હિન્દૂ સંસ્થાને દબાવવાના પ્રયાસનો કરવામાં આવી રહ્યો છે. ધારાસભ્ય અને કારોબારી સમિતિના ચેરમેન સામે કાયદેસર કાર્યવાહી કરવી જોઈએ અને જે આધિકારીઓ ત્યાં ગયા હતા તેમની સામે પણ પગલાં ભરવા જોઈએ

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time 10 am
7575006850 to 5 pm

ઉમેદવાર કે કાર્યકર ૫૦ હજાર કરતાં વધુ રોકડ સાથે પકડાશે તો કાર્યવાહી થશે

ગાંધીનગર

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૧૯ માટેની આદર્શ આચારસંહિતા અમલમાં આવી ગઈ છે. કેન્દ્રીય ચૂંટણી પંચે આચારસંહિતા દરમિયાન રોકડ રકમની હેરફેર માટે માર્ગદર્શક સૂચનાઓ જાહેર કરી છે.

આ અંગે મુખ્ય ચૂંટણી અધિકારી ડૉ. એસ. મુરલી કિષ્ણાએ જણાવ્યું હતું કે મુક્ત અને ન્યાયી રીતે ચૂંટણી કરાવવા માટે ચૂંટણી તંત્ર સજ્જ છે. ચૂંટણીની આચારસંહિતા દરમિયાન કોઈ ઉમેદવાર કે તેનો એજન્ટ કે પક્ષનો કોઈ કાર્યકર, ચૂંટણી સંબંધિત સામગ્રી જેવી કે ચોપાનિયા, ભીંત ચિત્રો સાથે તે વાહનમાં રૂપિયા ૫૦ હજાર કરતા વધુ રોકડ રકમ લઈ જતાં મળે તો અથવા ઉકત વાહનમાં કોઈ પણ પ્રકારની ડ્રગ્સ, દારૂ, હથિયારો અથવા રૂપિયા દસ હજારથી વધુ કિંમતની ભેટ-સોગાદો કે અન્ય ગેરકાનૂની વસ્તુઓ લઈ જવાતી હશે-જેનો ઉપયોગ મતદારોને લલચાવવા માટે થવાની સંભાવના હોય-તો તેને તાત્કાલિક અસરથી જપ્ત કરી લેવામાં આવશે. આ તપાસ અને જપ્તની સમગ્ર ઘટના વીડિયો ટુકડી દ્વારા સ્થળ પર જ વીડિયો- સીસીટીવીમાં કેપ્ચર કરવામાં આવશે અને તેની વીડિયો સીડીની નકલ દરરોજ ચૂંટણી અધિકારીને મોકલવામાં આવશે.

કોઈ વાહનમાં રૂ. ૧૦ લાખથી વધુ રોકડ રકમ મળે અને તે અંગે કોઈ ગુનાખોરી અથવા કોઈ ઉમેદવાર કે એજન્ટ કે પક્ષના કાર્યકર સંકળાયેલા હોવાની શંકા ન હોય તો, સ્થાયી દેખરેખ ટુકડી રોકડ જપ્ત કરશે નહીં અને આવકવેરા સંબંધી કાયદા હેઠળ જરૂરી કાર્યવાહી કરવા માટે એ માહિતી આવક વેરા અધિકારીને પહોંચાડશે.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અટળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847